Permitted to Post at PSO-AHD : On every Wednesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012
છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

સ્ટોક માર્કેટ
અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ
માહિતી પ્રતિબિંબિત કરતું સફળ
ગુજરાતી સાપ્તાહિક

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન
## THE ECONOMIC REVOLUTION

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

Everythings that's on Money !!!

● વર્ષ : ૭ ● અંક : ૧૩ ● તા. ૨૩.૦૩.૨૦૧૦ થી ૨૯.૦૩.૨૦૧૦ ● ચૈત્ર સુદ ૦૮ થી ચૈત્ર સુદ ૧૪ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

## રેપો રેટમાં વૃધ્ધિને બજારે ડીસ્કાઉન્ટ કરી નાખેલ હોઈ અસર જણાય તો પણ સ્મશાન વૈરાગ્ય જેવી હશે

### શેરબજારની સમીક્ષા



દિપક અમીન
મો. ૯૨૨૭૦૬૭૬૬૨

નમસ્કાર મિત્રો,

ગત સપ્તાહે બજારોમાં એફઆઈઆઈ અને રીટેલ રોકાણકારોની લેવાલીના પગલે હકારાત્મક ઉછાળો જોવાયો હતો. સાથે સાથે બોમ્બે સ્ટોક એક્સચેન્જના મેટલ, ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્ષ સાપ્તાહિક ધોરણે ૩-૩.૫ ટકા વધ્યા હતા. જ્યારે હેલ્થકેર ઈન્ડેક્ષ ૨.૭ ટકા અને રીયલ સ્ટેટ ઈન્ડેક્ષ ૧.૭ ટકા વધ્યો હતો. ૩જી સ્પેક્ટ્રમની નીલામી સાથે ટેલીકોમ સેક્ટરની કંપનીઓના શેરોમાં પણ વધઘટ જોવા મળી હતી. જેમાં આઈડીયા સેલ્યુલર એ ૩જી માટે શુક્રવારે જ્યારે ભારતી અને રિલાયન્સ કોમ્યુનિકેશને ગુરુવારે બીડ ભરી હતી. ટેલિકોમ શેરોમાં રિલાયન્સ ૧૪ ટકા જ્યારે ભારતી ૬ ટકા વધ્યા હતા. અન્ય શેરોમાં રિલાયન્સ ઈન્ડ. ૬.૭ ટકા, સીપ્લા ૫.૮ ટકા, ટાટા સ્ટીલ, હિન્દાલ્કો, જે.પી. એસોસિએટ્સ, હિન્દ યુનિલીવર, અને ઈન્ફોસીસ ૪ થી ૬ ટકા વધ્યા હતા. જ્યારે મીડકેપ ઈન્ડેક્ષ ૧.૩, બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્ષ ૦.૬ ટકા વધ્યા હતા. તેમજ નિફ્ટી જૂનિયર ૦.૮ ટકા વધ્યો હતો. નવા લિસ્ટીંગમાં ટેક્ષ્મો પાઈપ્સ ૨૧ ટકા જ્યારે પ્રીઝમ સીમેન્ટ અને ઈન્ડિયાબુલ ૮ ટકા, મોસર બેર ૫ ટકા ઘટ્યો હતો.

વધવાવાળા શેરોમાં ઉષા માર્ટીન, એસકુમાર, જયસ્વાલ નેકો, ઈન્સેક્ટિસાઈડ ઈન્ડ.માં ૩૦-૩૫ ટકાનો વધારો થયો હતો.

## ૨૨મી માર્ચ થી ૨૬ મી માર્ચ સુધી બજારનો રિવ્યૂ

### બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

**નિફ્ટી (૫૨૬૨)**
**સેન્સેક્ષ (૧૭૫૭૮)**
**તા. ૧૯.૩.૧૦**

અમોએ જણાવેલ કે 'ટેકનીકલ રુખ હજુ પણ ઉર્ધ્વગતિ તરફી સાબૂત જ છે પરંતુ એમ લાગે છે બજાર ૫૧૭૫-૫૨૫૦ ની સપાટીની આસપાસ વેચવાલીના દબાણનો સામનો કરશે અને ૫૧૦૦ ની આસપાસ ટેકો લેશે. જેથી મોટે ભાગે આ રૂખ સાઈડવે લાગી રહેલ છે.'

બજાર અપેક્ષા મુજબ સંપૂર્ણ રીતે હકારાત્મક રહેલ છે અને અમારી મજબૂત પ્રતિકારક સપાટી ૫૨૫૦ નજીક બંધ આપેલ છે.

હવે આપણે એફ એન્ડ ઓ એક્ષપાયરી સપ્તાહમાં છીએ અને બુધવારે રજા હોવાથી આ સપ્તાહ એક દિવસ નાનું રહેશે. ટેકનીકલ રીતે રૂખ ઉપર તરફ સાબૂત છે, જો કે સંકેતકો ખેંચાણના મોડમાં જણાઈ રહેલ છે અને તેથી આ સપ્તાહ ૫૩૦૦ની સપાટીએ બંધ આવતું ચંચળતાભર્યું સપ્તાહ બની રહેશે. મહત્વની ધ્યાન રાખવા લાયક સપાટી ૫૨૨૦ છે, જો તે તૂટશે તો તે બજારની અવળી દીશાના એટલે કે નબળાઈના પ્રથમ સંકેત હશે. ૫૨૫૦ એ સુરક્ષાની પ્રથમ લાઈન છે. નિફ્ટી માટેનો ટેકો ૫૨૨૦ અને મજબુત પ્રતિકારક સપાટી ૫૩૦૦ છે.

સેન્સેક્ષ માટેનો ટેકો ૧૭૪૦૦ થી ૧૭૨૦૦ છે અને મજબુત પ્રતિકારક સપાટી ૧૭૮૦૦ છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ જયાં સુધી ૫૨૦૦ની સપાટી પર બજાર ટકી રહે ત્યાં સુધી હું લાંબા ગાળા માટે રોકાણ કરીને વેપાર કરવાની ભલામણ કરું છું.

## સોમવારના ૨૦૦ થી ૪૦૦ પોઈન્ટના ઘટાડામાં રોકડાના ચુનંદા શેરો લેનારને એપ્રિલના અંતમાં સારો એવો નફો મળશે

### ગોલ્ડ માઈન

મોના વકીલ

ઈન્વેસ્ટર મિત્રો,

મુંબઈ શેર બજારનો સુચકઆંક ૧૭૬૦૦ ઉપર બંધ આવ્યો છે. શુક્રવારે આરબીઆઈએ રેપો રેટ અને રિવર્સ રેપોરેટમાં પોઈન્ટ ૦.૨૫ થી વધાર્યો છે. ફુગાવાને અંકુશમાં લેવા આ પગલું લેવાયું છે. આને લીધે સોમવારે બજાર ગેપમાં ૨૦૦ થી ૩૦૦ પોઈન્ટ ઘટાડા સાથે ખુલી શકે. આની પાછળ નીચે મુજબના કારણ છે.

(૧) બેંકો ધીરાણના વ્યાજદર વધારશે જેને લીધે કંપનીઓએ બેંકને વધુ વ્યાજ આપવું પડશે. જેને લીધે કંપનીઓની નફાશક્તિમાં ઘટાડો થશે.

(૨) સરકારની બોરોઈંગ કોસ્ટ વધશે જેથી સોશ્યલ સેક્ટર માટે ઓછી ફાળવણી થશે. લોકોના હાથમાં ઓછા પૈસા આવતા ખરીદશક્તિ થોડી ઘટશે.

(૩) જો ફુગાવો અંકુશમાં ન આવે તો હજુ મોટો વધારો રેપો રેટમાં થઈ શકે.

રેપો રેટ એટલે આ રેટથી આરબીઆઈ બેંકોને નાણાં ધીરે છે અને રિવર્સ રેપો એટલે બેંકો એમના સરપ્લસ પૈસા આરબીઆઈમાં જમા કરાવે છે તેન ઉપર આરબીઆઈ વ્યાજ આપે. આ બંને રેપો અનુક્રમે એસએક્સ અને ૩.૫ થયા છે.

પણ આ બધાથી ગભરાઈ જવાની જરુર નથી. કારણ કે શેર બજાર હમેશા સારા કે ખરાબ બનાવો અગાઉથી ડીસ્કાઉન્ટ કરી લે છે. જેથી આવું બનાવાનું છે. એનો ખ્યાલ માર્કેટના ઓપરેટરોને હતો જ. એટલે અમુક અંશે આ સમાચાર ડીસ્કાઉન્ટ થઈ ચુકેલા છે.

કંપનીઓના વાર્ષિક પરિણામો મે મહીનાથી શરુ થશે. અને એકંદરે સારા હશે. એક મોટું બુલીશ પરિબળ ધ્યાનમાં રાખવા જેવું છે એ (૧) ડોલર ઈન્ડેક્ષ છે. આગામી સમયમાં ડોલર થોડો નબળો પડી શકે એવા એંધાણ છે. આવું થાય તો મોટા હેજ ફંડો સસ્તા દરે જાપાનમાંથી યેન ચલણમાં ધીરાણ લઈ ડોલરમાં કન્વર્ટ કરી મોટાપાયે ઈન્ડિયા જેવી સ્ટ્રોંગ ઈકોનોમીમાં નાણાં રોકી શકે તો લીક્વીડીટી ચિક્કાર બને અને મોટી તેજી થાય. પણ જો ડોલર અચાનક મજબૂત બની જાય તો બજાર ઘટી પણ શકે.

(૨) સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર જેવી પ્રતિષ્ઠીત રેટીંગ એજન્સીએ ભારતને રેટિંગ આપ્યું છે. જેનાથી આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સુંદર ભારતની શાખ વધી શકે છે અને ભારતીય કંપનીઓ અને બેંકો ઓછા વ્યાજે નાણાં વર્લ્ડ માર્કેટમાંથી ઉઘરાવી શકે છે.

આ બધાનો સાર એ છે કે આગામી અઠવાડીયામાં જો બજાર ઘટે તો રોકડાના ચુનંદા શેરોમાં વહેણની વિરુદ્ધ જઈ રોકાણ કરવું. બે થી ત્રણ મહીનામાં સુંદર વળતર મળશે. આવા બેથી ત્રણ શેર નીચે પ્રમાણે છે.

**૧. એપીએમ ઈન્ડસ્ટ્રીઝ**

**બીએસઈ કોડ. ૫૨૩૫૩૭** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૪૧ માં લેવા ભલામણ કેરલા આ શેરે ફરીથી આ અઠવાડીયે સોમવારના ઘટાડામાં ૪૪ થી ૪૫ ના ભાવે અચુક લેવા જેના કારણો નીચે મુજબ છે.

(૧) ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે કંપનીની બુક વેલ્યુ ૮૦ ઈપીએસ ૧૨ થી ૧૪, મજબૂત પ્રમોટર (ઓરિએન્ટ એબ્રેસીવ) ઉદાર વળતર માં માનતા પ્રમોટરો, નાની ફક્ત ૪ કરોડની કેપીટલ જેની સામે ૨૦૦ કરોડનું વેચાણ.

આ ઉપરાંત આ અઠવાડીયામાં બે નવા ડેવલપમેન્ટ આ શેરને વધુ મજબૂત બનાવી રહ્યા છે. ભારત સરકારે તાજેતરમાં જાહેર કર્યું છે કે એપ્રિલમાં જાહેર થનારી વર્ક પોલીસી સુંદર હશે અને નિકાસો વધારવા સુંદર વેગ અપાશે. તથા તાજેતરમાં યાર્નના ભાવો ૧૦ ટકા જેવા વધ્યા છે જેનાં ફાયદા આ કંપનીના પરિણામોમાં બેથી ત્રણ મહીનામાં દેખાશે આ બધુ જોતાં આ ભાવે અચુક લેવાય.

**૨. બાન્સવારા સીન્ટેક્ષ**

**બીએસઈ કોડ. ૫૦૩૭૨૨** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૧૦૩ માં મળતો ૨૫ રૂા.ની ઈપીએસ ધરાવતો ફક્ત ૪ના પીઈથી મળતો આ શેર ભવિષ્યનો સુપરસ્ટાર છે. ૧૩ કરોડની કેપીટલ ઉપર કંપની ૭૦૦ કરોડનું વેચાણ ધરાવે છે. ભવિષ્યની સુંદર હોવાથી તાજેતરમાં કંપનીએ ઈન્ટ્રીમ ડીવીડન્ડ આપ્યું છે. કંપનીની પ્રોડક્ટની બ્રાન્ડ વેલ્યુ છે. તાજેતરમાં ટેક્ષટાઈલ શેરોમાં જે સુધારો આવ્યો છે એ આ કંપનીમાં આગળ વધશે. ૪ મહિના પહેલાં આ લેખમાં ૭૦ રૂા. માં લેવા જણાવેલ. દિવાળી સુધી ૧૪૦ જેવો ભાવ આવી શકે.

**૩. સનફ્લેગ આયર્ન એન્ડ સ્ટીલ બીએસઈ કોડ. ૫૦૦૪૦૪** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૩૧ માં મળતો આ શેર તેના ફન્ડામેન્ટલને જોતા અચુક લેવાય. ગયા અઠવાડીયે આ કંપનીના પ્રમોટરોએ બજારમાંથી ૩૦ રૂા.ના ભાવે ૧૦ લાખ શેર બલ્ક ડીલમાં લીધા. જે કંપનીના ભાવિનો અંદાજ આપે છે. અચુક ઘટાડામાં લેવાય.

## એફ આઈ આઈનો વહેતો નાણાં પ્રવાહ, આર બી આઈના વ્યાજદરની વૃધ્ધિના પગલે બજારના પ્રત્યાઘાત, વૈશ્વિક પ્રવાહો, ખાસ ધ્યાનમાં રાખવા જેવાં પરિબળો

### બાય એન્ડ સેલ

રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

**તા. ૨૨ માર્ચ ૨૦૧૦ થી ૨૬ માર્ચ ૨૦૧૦**

**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન**

અમોએ ગત સપ્તાહમાં જણાવ્યા મુજબ બજારે અગાઉના બે સપ્તાહ મજબૂતાઈ કેળવ્યા પછી જોરદાર ઉર્ધ્વગતિ દર્શાવી.

આ સપ્તાહે પણે વૈશ્વિક પરિબળો ( ખાસ કરીને યુ. એસ. બજાર) અને એડવાન્સ ટેક્ષની જાહેરાત ખાસ ભૂમિકા ભજવતાં જોવા મળશે.

ખાસ કરીને હવે આપણે એ જોવાનું છે કે બજાર આર બી આઈ દ્વારા વધારવામાં આવેલ વ્યાજદરના કેવા પ્રત્યાઘાત આપી રહેલ છે. અમને એવી અપેક્ષા નથી કે બજારની રૂખમાં ખાસ કોઈ ફેરફાર આવે - બધા બહુ સારી રીતે અપેક્ષા રાખે છે તેમ ઉચ્ચતમ ફૂગાવાને કારણે પણ...

**સેન્સેક્ષ ૧૭૫૭૮**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૨૨.૦૩.૧૦ થી ૨૬.૦૩.૧૦)**

આ સપ્તાહે ૧૭૬૬૭ અને ૧૭૪૬૫ અગત્યની સપાટીઓ છે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૭૬૬૭ ઉપર ટકી રહે અથવા તો ૧૭૪૬૫ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે.

**ટેકાની સપાટી :** ૧૭૪૬૫, ૧૭૨૫૨, ૧૭૦૯૮ અને ૧૬૯૯૭

**પ્રતિકારક સપાટી** ૧૭૬૬૭, ૧૭૮૮૨, ૧૮૦૫૩ અને ૧૮૧૮૮

**૨૨.૦૩.૧૦ના રોજ સેન્સેક્ષની પરિસ્થિતિ ;** આજે, જો સેન્સેક્ષ ૧૭૬૬૭થી ઉપરની સ્થિતિ જાળવી રાખશે તો ઉપર તરફનો લક્ષાંક ૧૭૮૦૯-૧૭૮૮૨ રહેશે. નહીંતર તે ૧૭૩૨૭-૧૭૨૫૨ની સપાટી સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી**

૧૭૪૬૫, ૧૭૩૮૪, ૧૭૩૨૭ અને ૧૭૨૫૨

**પ્રતિકારક સપાટી** :૧૭૬૬૭, ૧૭૭૨૮, ૧૭૮૦૯ અને ૧૭૮૮૨

**નિફ્ટી ૫૨૬૨**

**આગામી સપ્તાહે નિફ્ટી પર ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૨૨.૦૩.૨૦૧૦ થી તા. ૨૬.૦૩.૧૦)**

આ સપ્તાહે ૫૨૮૯ અને ૫૨૨૮ ની સપાટી અગત્યની રહેશે. જો નિફ્ટી ૫૨૮૯ ઉપર અથવા તો ૫૨૨૮ નીચે ટકી રહે તો તે આગામી બજાર માટેની રુખ નક્કી કરશે.

**ટેકાની સપાટી** ૫૨૨૮, ૫૧૬૩, ૫૧૧૭ અને ૫૦૮૬

**પ્રતિકારક સપાટી**

અનુસંધાન ૨ પાને

## કરન્સી માર્કેટ

### ટ્રેડર્સ માટે ટેકનીકલ એનાલીસીસ



સંજય લાડ
મો. ૯૮૨૦૯૨૦૫૩૦

**કરન્સી માર્કેટ**
**ચલણી નાણાંની જોડી**

૧. ચલણી નાણાની કિંમત બીજા ચલણી નાણા સાથે સરખાવીને નક્કી થાય છે.

૨. જોડીમાંનું પ્રથમ ચલણી નાણુંએ મૂળ ચલણી નાણું કહેવામાં આવે છે અને બીજાને કોટ કરન્સી કહેવામાં આવે છે.

૩. જોડી દર્શાવે છે કે મૂળ ચલણી નાણાને ખરીદવા માટે કેટલી કોટ કરન્સીની જરૂર છે.

૪. દરેક ફોરેક્સ ટ્રેડર્સ એકી સાથે એક ચલણીનાણું ખરીદવામાં અને બીજું ચલણી નાણું વેચવામાં રોકાયેલા હોય છે.

૫. જો તમે કોઈ ચલણીનાણાની જોડી ખરીદો, તેનો અર્થ એ કે તમે મૂળ (બેઝ) નાણું ખરીદો છો અને કોટ નાણું વેચો છો.

૬. બીડ (ખરીદ કિંમત) દર્શાવે છે કે એક બેઝ યુનિટ (મૂળ નાણું ) ખરીદવા માટે તમારે કેટલા કોટ કરન્સીના જથ્થાની જરૂર છે.

૭. જયારે પણ તમે ચલણી નાણાની જોડ વેચો છો, તમે બેઝ કરન્સી વેચો છો અને કોટ કરન્સી ખરીદો છો.

૮. ચલણી નાણાની ચોડીનું વેચાણ દર્શાવે છે કે તમે બેઝ કરન્સીનું એક યુનિટ વેચવા બદલ કેટલી કોટ કરન્સી મેળવી શકો છો.



## ખટ્ટા-મીઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૯૩૭૭૦૦૮૭૦૮

**નમસ્કાર મિત્રો,**

**મિત્રો ૧૦૦ની સ્પીડે મોટર સાઈકલ ચલાવીએ ત્યારે હેલમેટ પહેરેલું હોવું જોઈએ નહીં તો જાનનું જોખમ રહેલું છે. એ જ રીતે બજારો અત્યારે એવા મોડ પર છે કે લેણની પોઝીશનનું હેજીંગ કરવું જરુરી છે. અત્રે તમને એપ્રિલ મહિનાનો નિફ્ટીનો પુટ ઓપ્શન હેલમેટ તરીકે સેફ્ટી માટે બાય કરવાનું કહીએ છીએ. આમ કોઈપણ નકારાત્મક સમાચારથી આ હેલમેટરુપી પુટ ઓપ્શન તમને સેફ્ટી પુરી પાડશે. આમ નીચે મુજબ તમારી ખરીદી થશે.**

**એપ્રિલનો ૫૦૦૦નો પુટ ૪૪ માં ખરીદો**

**એપ્રિલનો ૪૯૦૦ નો પુટ ૨૯માં ખરીદો**

**આમ ૩૬૫૦ ના પ્રિમિયમ વાળા બંને સ્ટ્રાઈક ભાવ વાળા એક એક લોટ ખરીદો.**

**હવે આગામી સપ્તાહના મોમેન્ટમ ટ્રેડીંગ સ્ટોક પર નજર નાખીએ.**

**ક્રેઈન ઈન્ડિયા :-** આ ઓઈલ ક્ષેત્રના શેરમાાં ટ્રાયેંગલ પેટર્ન બની છે. ૨૭૦નો સ્ટોપલોસ સાથે ૩૦૩નો ટાર્ગેટ મળી શકે છે.

**મર્કેટર લાઈન્સ :-** આ શીપીંગ ક્ષેત્રના શેરમાં ઈન્વર્ટેડ હેડ એન્ડ શોલ્ડર પેટર્ન પ્રમાણે ૭૦ નો ટાર્ગેટ મળશે. જેમાં ટ્રેડરે ૫૬નો સ્ટોપલોસ રાખવો.

**રિલાયન્સ ઈન્ફ્રા. :-** અનિલ અંબાણી ગ્રુપની આ કંપનીમાં ૧૦૪૪-૧૦૫૦ના ટાર્ગેટ સાથે ૧૦૧૦નો સ્ટોપલોસ રાખી શકાય.

**સેસા ગોવા :-** તોફાની તેજી વાળી આ સ્ક્રીપમાં ૪૩૭૮ નો સ્ટોપલોસ રાખીને ૪૭૦ અને ૪૯૦નો ટાર્ગેટ રાખી શકાય.

**એ.બી. નુવો :-** આદિત્ય બિરલા ગ્રુપની આ દિગ્ગજ કંપનીમાં ૮૫૦નો સ્ટોપ લોસ રાખીને ૯૩૦ અને ૯૬૦ના ટાર્ગેટ માટે ચોક્કસ ખરીદવા લાયક છે.

**એલર્ટ :-** નીચેના શેરોમાં પ્રોફીટ બુકિંગની શક્યતા છે.માટે ખરીદી ટાળવી

**જય કોર્પોરેશન, ઈન્ડિયન હોટલ, હિન્દુસ્તાન કોપર, હિન્દાલ્કો**

તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે
MIDCAP - MULTI BAGGER ટીપ્સ
માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on
www.theeagleinvestor.co.in

બજારના સમયે લાઈવ મેસેજ આપના મોબાઈલ પર
ફક્ત માસિક રૂ. ૧૦૦૦
એસએમએસ દ્વારા બજારની સલાહ મેળવો એક સાથે ત્રિમાસિક ફી ભરનારને ૧૦ ટકા ડીસ્કાઉન્ટ વધુ વિગત માટે : નરેન્દ્ર જોષી, મો.૯૮૨૫૦૬૫૩૮૭

## ૫૩૨૭નું લેવલ મોટું હર્ડલ બની રહેવાની શક્યતા છે

શરદ કોટક

# ધી ઈકોનોમિક રેવલ્યૂશન

## તંત્રી સ્થાનેથી....

હવે ધીમે ધીરે શેર બજારનો ઋષભ પાછો રંગમાં આવતો જણાય છે. ચકડોળની માફક ઘડીમાં ઉંચે અને ઘડીમાં નીચા જતા શેરબજારને હવે દીશા મળી ગઈ હોય તેમ લાગે છે. ગત સપ્તાહે બધા જ એનાલીસ્ટો અને રોકાણકારોની નજર હવે એડવાન્સ ભારતીય કંપનીઓના ચોથા ત્રિમાસીક ગાળાના એડવાન્સ ટેક્ષના આંકડા શું આવશે અને તે આંકડાને આધારે બજાર કઈ દીશા પકડશે તે જાણવા આતુર હતી અને તેની અસર બજારમાં ટ્રેડીંગના વોલ્યુમ પર પણ થતી જણાઈ હતી. આમ છતાં આ એડવાન્સ ટેક્ષના આંકડા હકારાત્મક આવ્યા તે પગલે ભારતીય શેરબજારના ઈન્ડેક્ષે જાન્યુઆરી ૨૦૧૦ પછીની તેની ઉચ્ચતમ સપાટી દર્શાવી દીધેલ છે અને બજારનો અંડરટોન મજબૂત છે તેની વધુ એક સાબિતી આપી દીધી છે. હમેશની જેમ બજારની ઉર્ધ્વગતિને દોરવણી આપનાર રિલાયન્સે પણ આ વખતે રંગ બતાવ્યો અને બજારના ઈન્ડેક્ષને વધુ ઉંચે લઈ જવામાં મદદ કરી. વૈશ્વિક બજારોમાં પણ ફેડ રેટમાં કોઈ વધારો ન થતાં વૈશ્વિક બજારોના પગલે ભારતીય બજારોના બંને ઈન્ડેક્ષે લગભગ ૨.૪ ગણી વૃધ્ધિ દર્શાવી અને આ સપ્તાહ છઠ્ઠુ હકારાત્મક સપ્તાહ બની રહ્યું.

બીજા ક્ષેત્રોના ઈન્ડેક્ષ કરતાં ઓઈલ અને ગેસના ઈન્ડેક્ષમાં પણ સારી વૃધ્ધિં જોવા મળી જે લગભગ ૩.૬ ટકા જેટલી હતી જયારે રિઆલીટી ઈન્ડેક્ષમાં ધબડકો જોવા મળ્યો અને તે ૧.૪ ટકા જેટલો નીચે આવ્યો. આ સપ્તાહના અંતે ફૂગાવાનો દર પણ ઘટીને અગાઉના ૧૭.૮૧ ટકાની સામે ૧૬.૩ ટકા આવેલ છે.

૩૦ શેરનો માનીતો સેન્સેટિવ ઈન્ડેક્ષ સેન્સેક્ષ પણ ૨.૪૦ ટકા એટલે કે લગભગ ૪૧૧.૬૧ ટકા જેટલી સાપ્તાહિક વૃધ્ધિ દર્શાવી અને ૧૭૫૭૮.૨૩ પોઈન્ટની સપાટીએ ૧૯મી માર્ચ, શુક્રવારના રોજ, સપ્તાના અંતે બંધ આપ્યો. જયારે નિફટી પણ પાછળ રહ્યો નહતો. નિફટીએ પણ ૧૨૫.૮ પોઈન્ટના ઉછાળા સાથે એટલે કે લગભગ ૨.૪૫ ટકા વૃધ્ધી સાથે ૫૨૬૨ પોઈન્ટે બંધ આપેલ છે.

શુક્રવારે બજાર બંધ થયા પછી આરબીઆઈ દ્વારા લીકવીડીટી એડજસ્ટમેન્ટ ફેસેલીટી ( એલ એ એફ ) નીચે રેપો રેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો વધારો કરવામાં આવેલ છે એટલે કે આ રેપોરેટ તત્કાલીન ધોરણે ૪.૭૫ ટકામાંથી ૫ ટકા કરવામાં આવેલ છે. આ રીતે રિવર્સ રેપોરેટમાં પણ ૨૫ બેઝીક પોઈન્ટની વૃધ્ધિ કરવામાં આવેલ છે એટલે કે તે પણ એલ એ એફ હેઠળ ૩.૨૫ ટકાથી ૩.૫ ટકા કરવામાં આવેલ છે.

આ રીતે બજાર બંધ થયા પછી રેપોરેટમાં વધારો થવાને કારણે, શેરબજારના જાણકારો એવું મંતવ્ય દર્શાવતા જોવા મળ્યા કે સોમવારે બજારમાં આ રેપોરેટ વૃધ્ધિની નકારાત્મક અસરો જોવા મળશે. પરંતુ અમારા મંતવ્ય મુજબ ઘણા સમયથી રેપોરેટની વૃધ્ધિની વાતો ચર્ચાતી હતી અને 'ધી ઈકોનોમિક રેવલ્યૂશન'માં તો અમારા લેખકો વારંવાર રેપોરેટ વૃધ્ધિનો ઉલ્લેખ કરતા હતા. ફર્ક પડયો છે માત્ર સમયનો, આ વૃધ્ધિ એપ્રિલ માસના બદલે માર્ચ માસમાં આવી અને બજાર ઊંઘતું ઝડપાયું, પ્રથમ વખત એવું બનેલ છે કે રેપો રેટ વધશે તેની ગંધ પણ બજારને આવેલ નથી. પરંતુ સાથે સાથે એક બીજી વાત પણ છે કે રેપોરેટ વધશે તેનો અંદાજ અને ચર્ચા ઘણા સમયથી ચાલતી હતી, તેથી બીજાં પરિબળોની જેમ રેપોરેટની સંભવીત વૃધ્ધિને પણ બજારે ડીસ્કાઉન્ટ કરી નાખેલ છે અને તેથી બેંકીંગ શેરો જેવા અમૂક શેરોને બાદ કરતાં બજાર પર મોટી નકારાત્મક અસર થાય તેવી શકયતાઓ ઓછી જણાય છે. જો કે સોમવારે બજાર નીચે ખુલે તેવી શકયતાઓ નકારી શકાતી નથી, પરંતુ આ માહોલ સ્મશાન વૈરાગ્યની માફક ચિરંજીવ ન રહેતાં ફરી બજારો તેના માર્ગે આગળ જ વધશે તેમાં કોઈ શંકા નથી. બજારનો અંડરટોન મજબૂત છે અને હાલ કોઈ નકારાત્મક કારણો દ્રશ્યમાન થતાં ન હોઈ હાલમાં કોઈ પણ ઘટાડાને ખરીદીની તક સમજવાથી ફાયદો થાય તેવી પૂરી શકયતાઓ છે.

**સર્વેત્રઃ સુખિનઃ સન્તુ**

**નરેન્દ્ર જોષી, તંત્રી**

## શેરોમાં લેણ કે વેચાણ પોઝીશન સામે નિફ્ટી ના કોલ-પુટ ઓપ્શન લઈને હેજીંગ કરવું

**(૧) ફંડામેન્ટલ સ્ટોક વ્યૂહ**

**કેસ્ટ્રોલ ઈન્ડિયા લી.**

**ભલામણ :** આ શેર ઓવર વેલ્યુ થઈ ગયો હોવાથી નવું રોકાણ ટાળવું તેમજ પ્રોફીટ બુક કરવો.

**કંપની વિશે :** કેસ્ટ્રોલ ઈન્ડિયા એ ભારતની મોટામાં મોટી લુબ્રીકેન્ટ કંપની છે અને તેની પાસે ૨૧ ટકા બજાર હિસ્સો છે.

ઓટો સેક્ટરમાં કંપની ટ્રક, ટ્રેક્ટર અને ઓફ-રોડ મશીન માટે ડીઝલ તેમજ ટુ-સ્ટ્રોક, ૪-સ્ટ્રોક પેસેન્જર બસ, મોટરસાઈકલ, ૩ ચક્રી વાહનો માટે ગેસોલીન ના એન્જિન ઓઈલ પણ બનાવે છે. ઔદ્યોગિક સેગ્મેન્ટમાં કંપની મેટલ, ઓટો અને મશીન ઉત્પાદિત કરતી કંપનીઓને ઓઈલ પુરુ પાડે છે.

કેસ્ટ્રોલ એક્ટિવ ૪ટી, કેસ્ટ્રોલ આરએક્સ સુપરમેક્ષ, કેસ્ટ્રોલ સીઆરબી ટર્બો, કેસ્ટ્રોલ મેગ્નેટીક, કેસ્ટ્રોલ પાવર, વગેરે. કંપની પાસે તેના ઉત્પાદનો વેચવા માટે મારુતિ, ટાટા મોટર્સ, હીરો હોન્ડા જેસીબી, બીએમડબલ્યુ, વોક્સવેગન, માન, ઔડી, વોલ્વો, રેનોલ્ટ જેવી કંપનીઓ સાથે સીધો કોન્ટ્રાક્ટ છે. તો હવે સવાલ એ છે કે આટલી સારી પ્રોફાઈલ, બ્રાન્ડ, બજાર હિસ્સો ધરાવનાર અને દેવામુક્ત કંપની હોવા છતાં કેમ પ્રોફીટ બુક્ડ કરવું જોઈએ કે રોકાણ ટાળવું જોઈએ ?

ચાલો એક નજર કંપનીના નાણાંકીય પરિણામો પર નાખીએ.

દેવામુક્ત રહેવાની નીતિ લાંબાગાળા માટે ઉત્તમ છે. આ કંપનીની શેર ૩૦ના પીઈ રેશિયો પર ચાલી રહ્યો છે કે જે એન્જિન ઓઈલ કંપનીઓ માટે ઊંચો છે.

હવે, ઈન્વેસ્ટમેન ગુરુ વોરેન બફેટ પ્રમાણે દેવા મુક્ત કંપનીઓનું વેલ્યુએશન કરતી વખતે આપણે વાશ ફલો પર શેર એટલે કે શેર દીઠ રોકાણ આવકને ધ્યાનમાં લઈશું. જે મુજબ આ કંપનીનો શેર કેશફલો પર શેર મુજબ ૨૬ ગણો ચાલી રહ્યો છે કે જે ઊંચો છે.

**પેનિક એન્ડ પ્રોફીટ**



**નિશેષ એમ. જાની**
**મો. ૯૩૭૭૦૦૮૭૦૮**

નેટવર્થ અને કુલ મુડી પરનું વળતર ઉમદા છે. વધુમાં સ્ટ્રોંગ બ્રાંડ અને કુલ મુડી પરનું વળતર ઊંચુ હોવા છતાં પીઈ રેશિયો અને કેશફલો પર શેર રેશિયો ઊંચો હોવાથી તેમના મુખ્ય કાચો માલ એટલે કે ક્રૂડ ઓઈલના ભાવો સતત વધતા હોવાથી આ કંપનીની નફાશક્તિમાં અને નફાના માર્જીનને નુકસાન કરશે.

**(૨) મ્યુચ્યુઅલફંડ**

**એચએસબીસી મીડકેપ ફંડ**

**ભલામણ :** રોકાણ ટાળો

**કારણ :** આ ફંડ દ્વારા તેના બેન્ચમાર્ક ઈન્ડેક્ષ કરતા સારુ વળતર આપવામાં નિષ્ફળ રહેલ છે.

**બજારો માટેનો સાપ્તાહિક વ્યૂ**

**ટેકાની સપાટી** - ૫૧૩૦ / ૫૦૫૦ / ૪૯૯૦

**પ્રતિકારક સપાટી**- ૫૩૦૩ / ૫૩૬૦ / ૫૪૧૦

ગયા સપ્તાહે આપણે નિફ્ટી ફયુચર પર સેલ કોલ આપેલો જેનો સ્ટોપલોસ ટ્રીગર થઈ ગયો હતો. ઉપરાંત આપણે હેજ પોઝીશન ઊભી કરી હતી જેમાં અલગ અલગ સ્ટ્રાઈક પ્રાઈઝના કોલ ઓપ્શન લીધા હતા. અને નિફટી શોર્ટ કરવાથી થયેલા લોસની ભરપાઈ થઈ ગઈ હતી.

બજારો એફઆઈઆઈ અને પ્રાદેશિક સંસ્થાગત રોકાણકારોની પ્રવાહીતતાના કારણે વધી રહ્યો છે. બજેટ પછી સતત વધારા બાદ પણ આપણે ૧૭૮૦૦ અને ૫૩૦૦ નીચે છીએ. અને ૧૫૩૦૦ કે ૪૫૦૦ના લેવલ પણ નથી તોડ્યુ. પરંતુ આપણે ઊંચા વેલ્યુ સાથે ૧૭૮૦૦ અને ૫૩૦૦ના લેવલ પાર કરવા હજુ પણ જરુરી છે.

જો અહીં જણાવેલ શરત મુજબ થાય તો આપણે ઈલીયોટ વેવ પ્રમાણે આપેલા કોમન ફલેટ એ-બી-સી પેટર્ન પ્રમાણે ૧૯૩૦૦-૧૯૬૦૦ ના ટાર્ગેટ મળે અને ૨૧૦૦૦ નું લેવલ પણ પાર થાય.

પરંતુ આપણે ૧૭૮૦૦ ઉપર ટકવું અત્યંત જરુરી છે. અને તે ૪ સતત સપ્તાહ સુધી થવું જોઈએ. છેલ્લા દુબઈ કડાકા સમયે ૧૭૫૦૦ નું લેવલ તુટી ગયું હતુ પરંતુ તે ૧૭૫૦૦ ઉપર ૨ સપ્તાહ સુધી રહ્યું હતું. આમ આપણે ૧૭૫૦૦ ઉપર બંધ થવું અને ૪ સપ્તાહ સુધી બંધ આવવું જરુરી છે.

મિત્રો, ટેકનીકલ એનાલિસીસમાં નાનામાં નાનો આંકડો ગણતરીમાં લેવાય છે. મારા છેલ્લા રિપોર્ટમાં અમે હેડ એન્ડ સોલ્ડરની પેટર્નની વાત કરીહતી. અને ૧૭૮૦૦ અને ૫૩૦૦નું લેવલ પાર ના થાય તો બજારો માટે નકારાત્મક છે. નીચેના શબ્દો ખાસ યાદ રાખવા કે "શેર બજારનો

**અનુસંધાન ૪ પાને**

**બાય એન્ડ સેલ પાન નં. ૧ નું ચાલુ**

૫૨૮૯, ૫૩૫૪, ૫૪૦૬ અને ૫૪૪૭

**૨૨.૦૩.૧૦ના રોજ નિફટીની પરિસ્થિતિ :** આજે, જો નિફટી ૫૨૮૯ની સપાટી જાળવી શકે તો પછી તેનો ઉપર તરફનો લક્ષાંક ૫૩૩૨-૫૩૫૪ રહેશે. નહીંતર નિફટી ૫૧૮૬-૫૧૬૩ સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી** ૫૨૨૮, ૫૨૦૩, ૫૧૮૬ અને ૫૧૬૩

**પ્રતિકારક સપાટી :** ૫૨૮૯, ૫૩૦૮, ૫૩૩૨ અને ૫૩૫૪

**સાપ્તાહિક ખરીદી**

**એસ કે એમ એન્જીનીયરીંગ પ્રોડક્ટસ**

**બી એસ ઈ કોડ**

**હાલનો ભાવ રૂ. ૧૯ થી ૨૦**

**એસ કે એમ એન્જીનીયરીંગ પ્રોડક્ટસ ખરીદો** - આ શેર રૂ. ૧૭ નો ટેકો ધ્યાનમાં રાખીને ઘટાડે ખરીદો.

એક માસનો લક્ષાંક રૂ. ૨૭ થી ૩૦

આ કંપની ફ ડ પ્રોસેસીંગમાં કાર્યરત છે. છેલ્લા ચાર વર્ષ દરમ્યાન ખૂબ સારું વેચાણ તેમ જ નફો પણ કરેલ છે. બીજા હરિફોની સરખામણીમાં સારી શેરદીઠ આવક, પી.ઈ. રેશિયો અને ચોખ્ખો નફો ધરાવે છે. છેલ્લા ચાર વર્ષથી ડીવીડન્ડ પણ આપે છે.

હવે આ કંપની તેનાં ઉત્પાદનો વૈશ્વિકસ્તરે પ્રસરાવવા માટે બીજાં વ્યૂહાત્મક જોડાણો કરી રહેલ છે. (આ કંપનીનાં ઉત્પાદનો માટે યુરોપ અને એશિયા ખાતે સારાં બજારો ઉપલબ્ધ છે), આ ઉપરાંત આ કંપની તેના માળખાની પુનરચના કરી રહેલ છે તેમ જ તેના ઉત્પાદન અને વિચાર વિભાગનું વિસ્તૃતિકરણ પણ કરી રહેલ છે.

અમોને અપેક્ષા છે કે આ શેર આવનાર એક કે બે માસમાં નવી ઉંચી સપાટી દર્શાવશે. જયારે તેમની હરિફ કંપનીઓ નકારાત્મક આંકડા સાથે બહાર આવી રહેલ છે.

આ કંપનીને વાર્ષિક ધોરણે વેચાણ અને નફામાં વૃધ્ધિ દર્શાવેલ છે. આ કંપનીનાં પરિણામો પણ આશ્ચર્ય સર્જનાર બની રહેશે તેવી અમને અપેક્ષા છે.

### સાપ્તાહિક દ્રષ્ટિકોણથી ખરીદી

| SCRIP | CLOSE | SUP. | RESIS. |
|---|---|---|---|
| BANKINDIA | 327 | 324,315 | 339,344 |
| BRFL | 221 | 215,208 | 236,247 |
| DLF | 312 | 305,296 | 327,332 |
| ESSAROIL | 139 | 136,133 | 148,155 |
| HINDUNILVR | 228 | 223,218 | 239,244 |
| NALCO | 403 | 396,389 | 416,423 |
| PUNJLLOYD | 173 | 170,165 | 183,188 |
| RELCAPITAL | 794 | 785,776 | 814,827 |
| RCOM | 167 | 164,161 | 175,180 |
| RELMEDIA | 227 | 221,214 | 238,245 |

## આંતરરાષ્ટ્રીય સોનાના ભાવમાં અનિશ્ચિતતાનું વલણ જારી રહેશે

ગયા સપ્તાહમાં વિવિધ કોમોડીટીઝમાં સીમિત દાયરામાં જોવા મળી હતી. સોનામાં સપ્તાહના અને અંતિમ દિવસે ઘટાડો જોવા મળ્યો હતો. ઉપરના લેવલથી નફારુપી વેચવાલી જોવા મળી તેમજ વૈશ્વિક અર્થતંત્રમાં સુધારાથી જે ગયા વર્ષમાં પેનિક બાયિંગ જોવા મળ્યું હતું તે હાલના તબક્કે સ્થિર થતું જોવા મળે છે અને સોનામાં ઉપરથી નફારુપી વેચવાલીનું જોર જણાય છે. તેમજ વચ્ચે વચ્ચે નાના ઉછાળા આવતા રહેશે. હાલ પુરતા ભાવ એક રેન્જમાં જોવા મળી રહ્યા છે. સોનામાં લાંબાગાળા માટે વાત કરીએ તો હાલ પુરતી કોઈ રુખ ક્લિયર થતી જોવા નથી મળતી. તેજી માટે ધ્યાન આપીએ તો પ્રથમ મુદ્દો ફુગાવાનો ગણાય જયાં વૈશ્વિક સેન્ટ્રલ બેંકોના નીચા વ્યાજ દર હોઈ તેનો ભય છે. તેમજ યુરોપિયન યુનિયનમાં ગ્રીસનો પ્રશ્ન હજી પણ તાજો છે. તો ચીનના પાસે જે ડોલરનું વધુ પડતું હોલ્ડીંગ છે તે પોતાના હોલ્ડીંગને ગોલ્ડમાં પરિવર્તિત કરી શકે તેવી અટકળો જોવા મળે છે. તેમજ સેન્ટ્રલ બેંકો પણ નેટ ખરીદાર તરીકે જોવા મળે છે. તો સાથે હવે ઘટાડા તરફી ધ્યાન આપીએ તો અર્થતંત્રમાં સુધારાથી જે સલામત રોકાણની માંગ હતી તેમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. યુરોપમાં ગ્રીસ આઈએમએફ પાસે મદદ માંગે તેવી શક્યતા છે. જો કે યુરોપના જીડીપીમાં ગ્રીસનો હિસ્સો ૩ ટકા પણ નથી. તેમજ યુરોપ મોનિટરી ફંડની સ્થાપના કરી બોન્ડ ઈસ્યુ કરી શકે છે અને તેમાં જર્મનને ખરીદવામાં મોટો ફાળો આપી શકે તેવી સંભાવના પણ છે. આઈએમએફનું ગોલ્ડ વેચવાના સંદર્ભમાં ચાઈના ગોલ્ડનું હોલ્ડીંગ વધારવામાં રસ નથી તેવા નિવેદનો મળી રહ્યા છે. એટલે હાલ પૂરતી ગોલ્ડમાં કોઈ મોટી તેજીની રુખ ક્લિયર થતી નથી. ક્રૂડમાં સપ્તાહના અંતિમ દિવસે ઘટાડો જોવા મળ્યો હતો. ગયા સપ્તાહમાં ઓપેકની મળેલી બેઠકમાં ઉત્પાદનમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી તેમ જણાવ્યું. સાથે હાલના તબક્કે ભાવમાં જે રિકવરી જોવા મળી તે યોગ્ય છે. તેમજ ગોલ્ડમેન સાક્સ, મેરિલ લીંચ જણાવે છે કે ચાલુ વર્ષમાં ક્રૂડની માંગમાં સુધારો જોવા મળશે. અને ગોલ્ડમેન સાક્સ ક્રૂડને આવતા ૧૨ મહિના સુધીમાં ૯૬.૫૦ ડોલર સુધીના ભાવ

**હોટ કોમોડીટીઝ**



**પ્રતિક સોની**
**મો. ૯૫૩૭૨૦૧૯૭૭**

જુએ છે.

બેઝ મેટલમાં કોપર સીમિત દાયરામાં જોવા મળશે. નિકલે હાલ ચાલુ વર્ષમાં સૌથી સારુ વળતર આપ્યું છે. ગયા વર્ષના ૫૮ ટકાની સાથે આ વર્ષમાં જાન્યુઆરીથી અત્યાર સુધીમાં લંડન મેટલ એક્ષચેન્જમાં ૨૩ ટકાનો વધારો જોવા મળ્યો છે. જયાં બીજા ત્રિમાસિક ગાળા દરમ્યાન નફારુપી વેચવાલીથી ઘટાડા તરફી રુખ જોવા મળી શકે તેવી સંભાવના છે. તેમજ બ્લુમબર્ગ સર્વે પ્રમાણે ૮ ટકા જેટલો ઘટાડો જોવા મળી શકે તેવી શક્યતા છે. નેચરલ ગેસમાં ધીમો ઘટાડો ચાલું છે.

**એનર્જી :**

**ક્રૂડનો ક્યાસ :** આંતરરાષ્ટ્રીય ક્રૂડમાં ઉપરમાં ૮૩.૨૦ ડોલર પર રેસિસ્ટન્સ લેવલ છે. નીચેમાં ૮૦ ડોલર તુટતા ૭૭ ડોલર પર સપોર્ટ છે. ટ્રેડીંગ રેન્જ ૭૭ ડોલરથી ૮૩ ડોલરનીછે. એમસીએક્સમાં ૩૬૦૦ થી ૩૮૦૦ની રેન્જ માં ફરતું રહેશે. ૩૬૦૦ તોડે તો ઘટાડો જોવા મળી શકે જયાં નીચેમાં ૩૫૭૮ થી ૩૫૩૬ સુધીના લેવલ જોવા મળે.

**નેચરલ ગેસ :** નેચરલ ગેસમાં ઘટાડો જારી રહ્યો છે. સસ્તુ સમજીને લેનારા ફાવશે નહીં. નીચેમાં ૧૮૪નું લેવલ ધ્યાનમાં રાખવું. જયાંથી ઘટતા નીચે ૧૭૫ થી ૧૬૮નું લેવલ શક્ય છે. લેવા માટે ૧૭૦-૧૭૫ આસપાસ એન્ટ્રી લેવાય. જયાં ઉપરમાં ૧૮૫થી ૧૯૨ તરફી લેવલ ધ્યાનમાં લેવાય.

**બેઝ મેટલ :** તાંબામાં ૩૩૩ થી ૩૪૩ ની રેન્જ જોવા મળે. નીચેમાં ૩૩૩ ના લેવલ પર ધ્યાન આપવું જો તે તૂટે તો લેણના સોદા કાપી નખાય તો ઘટવાનો દોર જોવા મળે. નીચેમાં ૩૨૫ થી ૩૧૮ના લેવલ આગામી સમયમાં જોવા મળે. ઉપરમાં ૩૪૩ ની ઉપરમાં ૩૪૭ ની પ્રતિકારક સપાટી છે. બંને તરફી વધઘટ છે. નિકલમાં ઉપરથી વેચી વેપાર કરાય. ૧૦૪૫ની આસપાસ વેચાણ તરફી ધ્યાન છે. ઉપરમાં ૧૦૬૦ની પ્રતિકારક સપાટી નીચેમાં ૧૦૧૦ થી ૯૯૦ના લેવલની શક્યતા.

**સોનાની સ્ટ્રેટેજી :** આંતરરાષ્ટ્રીય સોનામાં ૧૦૯૨ ડોલર પર ધ્યાન આપવું. તેની નીચે બંધ આપતા ૧૦૭૦ ડોલરથી ૧૦૫૫ ડોલર જોવા મળે. નીચેમાં ૧૦૩૦ ડોલર પર મહત્ત્વનો સપોર્ટ છે. ઉપરમાં ૧૧૨૭ ડોલર પર નજર રખાય. ટ્રેડીંગ રેન્જ ૧૦૭૦ ડોલરથી ૧૧૪૦ ડોલરની છે. એમસીએક્સ સોનામાં ૧૬૩૫૦થી નીચે જતા ઘટાડો જોવા મળે. જયાં ૧૬૧૩૫ થી ૧૫૯૭૦નું લેવલ જોવા મળે. ઉપરમાં ૧૬૬૮૦ની ઉપર જતાં ૧૬૮૦૦ની પ્રતિકારક સપાટી છે. ટૂંકાગાળામાં ૧૫૮૦૦ થી ૧૬૮૦૦ની વચ્ચે અથડાય. ઉપરમાં વેચી વેપાર કરાય. હાલ પુરતી લેણમાં સાવચેતી રાખવી.

**ચાંદીની ચાલ :** આંતરરાષ્ટ્રીય ચાંદીમાં જણાવ્યા પ્રમાણે સોનાના પ્રમાણમાં ચાંદીમાં ઘટાડો નથી. ટૂંકાગાળામાં ૧૬.૫૦થી ૧૭.૫૦ની રેન્જ છે. મધ્યમગાળામાં ૧૪ ડોલરથી ૧૯ ડોલરની રેન્જ છે.એમસીએક્સ ચાંદીમાં ૨૬૩૦૦નું અતિ મહત્ત્વનું લેવલ છે. જે તૂટતાં નીચેમાં ૨૫૮૦૦ થી ૨૫૫૦૦ નો ભાવ જોવા મળે. ઉપરમાં ૨૭૦૦૦ ની પ્રતિકારક સપાટી છે. એક રેન્જ બાઉન્ડ ટ્રેડીંગ મુવમેન્ટની અપેક્ષા છે.

## કહાનીમાં રસપ્રદ વળાંક !!!

બજાર અપેક્ષા મુજબ ચાલ્યુ અને ખરેખર તો જે રીતે નિફટીએ ૨.૫ ટકાની વૃધ્ધિ દર્શાવેલ છે તેજોતાં તે કરતાં પણ વધારે સારું ચાલ્યું છે. હેવી વેઈટ શેરે ખૂબ સારો દેખાવ કર્યો છે ખાસ કરીને આર આઈ એલ, આઈ સી આઈ સી આઈ અને ટાટા સ્ટીલ તેમ જ આઈટી ક્ષેત્ર પણ.

અપેક્ષા મુજબ આર આઈ એલ દ્વારા ૧૦૩૦ પર મજબૂત બ્રેકઆઉટ આપવામાં આવેલ છે અને આ શેર ૧૧૦૦ ની સપાટીએ બંધ આવેલ છે જયારે આઈ સી આઈ સી આઈ બેંકે પણ ૯૭૦ની આસપાસની સપાટી દર્શાવી છે. પરંતુ મહત્વના સમાચાર જો શુક્રવારે બજાર બંધ થયા પછી જ આવ્યા અને તે હતા કે આરબીઆઈ દ્વારા પ્રવાહિતાને નાણવા માટે ફરી એક વાર રેપો અને રિવર્સ રેપો રેટમાં ૨૫ બેઝીક પોઈન્ટની વૃધ્ધિ કરવામાં આવેલ છે. મોટે ભાગે આ બાબતની બજારને અપેક્ષા હતી જ, પરંતુ જે સમયે આ પગલું લેવામાં આવેલ છે તે સમય અનઅપેક્ષિત હતો. આ ઉપરાંત, બીજી ધારણા એ છે કે ગત સપ્તાહે મૌન રહેલ રિઅલ્ટી અને ઓટોના શેર બજારની માન્યતાને પુષ્ટી આપશે. જે રીતે આરબીઆઈ દ્વારા વ્યાજ દરમાં વૃધ્ધિ કરવામાં આવેલ છે તે જોતાં સોમવારે બજાર ખૂલતાંની સાથે જ આ બાબત સેન્સેટિવ હોવાથી બજારો પર તેની અસરો જોવા મળશે. બજાર ઘટાડાની દીશા તરફ તેની ગતિ બદલે પણ આ ટૂંકા સમય માટે જ હશે. જયારે રિઅલ્ટ અને ઓટો શેરો નબળાઈ દર્શાવવાનું ચાલુ જ રાખશે તે સાથે સાથે બેંકીંગ શેરો પણ થોડું લથડીયું ખાશે. બેંકોના હેવી વેઈટ શેરો ઘટાડે ખરીદવા ભલામણ છે.

નિફટી ૫૧૮૦ થી ૫૨૦૦ ની સપાટીની આસપાસ દેખાય પરંતુ આ

**ઈક્વિટી સ્ટાર્સ**



**જતીન્દ્ર શર્મા**
**મો. ૯૮૯૯૨૫૨૦૩૪**
**Website: www.equitystrategists.com**

સપાટી નીચે ટ્રેડ થાય તો પણ તે અંદરથી તો તે મજબુતાઈ જ દર્શાવે. બજેટ પછી એફ આઈ આઈ મજબૂત ખરીદદાર રહેલ છે અને આર બી આઈનું પગલું તેમની ભારતીય અર્થતંત્ર અંગેની માન્યતાને વધુ મજબૂત બનાવે. ટેકનીકલી, ગત સપ્તાહે નિફટીએ જે બ્રેકઆઉટ આપેલ છે તે હવે પછીના લક્ષાંક ૫૪૦૦ થી ૫૪૨૫ તરફ અંગુલી નિદેશ કરે છે, જે કદાચ આવનાર થોડા સપ્તાહોમાં જોવા મળે. આર આઈ એલ પણ તેની રૂ. ૧૧૨૫ થી રૂ. ૧૧૪૦ ની સપાટી દર્શાવવા માટે ઉત્સુક જ છે જે આ રેલીને આગળ લઈ જશે. એસ બી આઈ પણ સારો જણાય છે અને સોમવારે થોડા ઘટાડા પછી કદાચ તે ઉપરની સપાટી તરફ આશ્ચર્યકારક વૃધ્ધિ દર્શાવે.

અમારી અગાઉના અંકમાં આપેલી ભલામણોએ ખૂબ સારો નફો આપેલ છે. જેમ કે રેનબક્ષીએ તેનો પ્રથમ લક્ષાંક રૂ. ૪૮૦ સાધ્ય કરેલ છે જયારે જે એસ ડબલ્યુ સ્ટીલે પણ નવી ઉંચાઈ દશાવી છે અને સપ્તાહ દરમ્યાન ૬ ટકાની ઉપરની સપાટીની આસપાસ રહેલ છે. શુક્રવારે કોક્ષ અને કીંગે પણ ઉંચી સપાટી દર્શાવી છે અને હજુ પણ તે મૂલ્યવાન ભલામણ છે. એસબીઆઈ રૂ. ૨૧૧૫

**અનુસંધાન ૫ પાને**

## ખરીદી માટે ટેકનીકલ રીતે નિફટી સારી જણાય છે

**ટેકનીકલ ટ્રેન્ડ**



**સંજય લાડ**
**મો. ૯૮૨૦૯૨૦૫૩૦**
**WEBSITE : www.stockacademy.co.in**

**૧૯ માર્ચ, ૨૦૧૦ શુક્રવાર**

**નિફટી તરફનો દ્રષ્ટિકોણ :** નિફટીનો ટેકો ૫૧૯૦ અને પ્રતિકારક સપાટી ૫૩૧૦ છે ખરીદી માટે ટેકનીકલ રીતે નિફટી સારી જણાય છે. જો નિફટી ૫૨૮૦/૫૩૧૦ની સપાટી જાળવી રાખે તો પછી તે ૫૪૦૦ ની સપાટી દર્શાવી શકે.

### આ સપ્તાહમાં વ્યાપાર કરવા જેવા કેટલાક શેર

| NAME OF STOCK | ACTION | CMP | PRICE FOR ACTION | STOP LOSS | TARGET |
|---|---|---|---|---|---|
| ADITYA BIRLA | BUY | 880 | 870 | 860 | 920 |
| APIL | BUY | 590 | 580 | 570 | 610..620 |
| AURBINDOPHARMA | SHORT | 937 | 950 | 970 | 860 |
| BHARTI | BUY | 311 | 307 | 305 | 330 |
| CAIRN | BUY | 285 | 280 | 275 | 295 |
| HERO HONDA | SHORT | 1968 | 1970 | 1990 | 185 |
| JP ASSOCIATE | BUY | 153 | 150 | 145 | 167 |
| RCOM | BUY | 168 | 164 | 158 | 180 |
| RENUKA | BUY | 77.85 | 77 | 75 | 88 |

# નિફ્ટી ધીરે ધીરે ૫૩૧૦ તરફના માર્ગે આગળ વધી રહેલ છે

**તા. ૨૦/૦૩/૨૦૧૦**

મજબૂત આઈ આઈ પી નંબરના પગલે બજારે સપ્તાહની શરુઆત મજબુતાઈથી કરી પરંતુ ફરી એક વાર સેન્સેક્ષ અને નિફ્ટીની મજબૂત પ્રતિકારક સપાટીનું ક્ષેત્ર સેન્સેક્ષમાં ૧૭૫૦૦ થી ૧૭૮૦૦ અને નિફ્ટીમાં ૫૨૫૦ થી ૫૩૧૦ પોતાની ભૂમિકા ભજવવા આવી ગયા. આ એજ ક્ષેત્ર છે કે જયાંથી બજાર ઓછામાં ઓછું ત્રણ વખત પાછું ફર્યુ છે અને તેથી જ તે જરુરી છે કે બજાર આ સપાટી ઓળંગવામાં મજબૂતાઈ દર્શાવે અને આ સપાટી ઉપર બંધ આપે. ગત સપ્તાહે તો બજારને ધક્કો દેવા માટે આઈ આઈ પી ડેટા હતા પરંતુ આ સપ્તાહે બીજા અનઅપેક્ષીત સ્રોત દ્વારા બજારને આગળ તરફ ધક્કો વાગી શકે. જેવા કે રેટીંગ એજન્સી એસ એન્ડ પીએ ભારત તરફનો તેનો દ્રષ્ટિકોણ નકારત્મકતાને બદલે સ્થિરતાનો દર્શાવેલ છે. તેથી આ સપ્તાહે બજારે અગાઉના સપ્તાહની સરખામણીમાં ૨.૫ ટકા જેટલી વૃધ્ધિ દર્શાવી.

**આરબીઆઈએ રેપો, રિવર્સ રેપો રેટમાં વધારો કર્યો**

આખરે આર બી આઈએ ફરી સક્રિયતા દર્શાવી અને રેપો તેમ જ રિવર્સ રેપો રેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો વધારો કરતાં બજારે આશ્ચર્યજનક ચાલ દર્શાવી હકારાત્મક બંધ આપ્યો. રેપોરેટમાં ૫ ટકાનો અને રિવર્સ રેપોરેટમાં ૩.૫ ટકાની વૃધ્ધિ કરવામાં આવેલ છે. જો કે રેપો અને રિવર્સ રેપો રેટમાં વૃધ્ધિ અનઅપેક્ષિત તો ન જ હતી, અને તેથી જ બજારે આ વ્યાજ દર વૃધ્ધિને પહેલેથી જ વટાવી દીધેલ હતું. પ્રશ્ન હતો ફક્ત સમયનો, કે એવી માન્યતા હતી કે આરબીઆઈ દ્વારા આ વ્યાજ દરનો વધારો એપ્રિલની મીટીંગમાં કરવામાં આવશે. બજાર એ બાબતે ખુશી દર્શાવશે કે આરબીઆઈ દ્વારા ફૂગાવાને નાથવા માટે સક્રિયતા દર્શાવવામાં આવેલ છે અને તે પગલાં અર્થતંત્રને વિકાસના રસ્તે દોરી જશે તેમ જણાઈ રહેલ છે.જો કે બેંકીંગ અને પ્રોપર્ટી શેરોમાં થોડો ઘટાડો જોઈ શકાય, પરંતુ આ ઘટાડે આ શેરમાં લેવાલી જોવા મળે. જયાં સુધી સેન્સેક્ષ ૧૭૦૦૦ અને નિફ્ટી ૫૧૦૦ ની સપાટી જાળવી રાખે ત્યાં સુધી નજીકના ભવિષ્યમાં તો બજારે હાલમાં કંઈ ચિંતા કરવાની જરૂર નથી.

**એસ એન્ડ પીએ ભારત તરફનો દ્રષ્ટિકોણ ઉંચો દર્શાવ્યો**

સરકારશ્રીની નાણાકીય પોલીસીઓમાં સુધારો આવવાના કારણે વૈશ્વિક ક્રેડીટ રેટીંગ એજન્સી એસ એન્ડ પી એ ભારત તરફનો તેનો દ્રષ્ટિકોણ નકારાત્મકા તરફથી બદલીને સ્થિરતાનો કરેલ છે.ભારતની આર્થિક પરિસ્થિતિ સુધરશે તેવી એક નવી આશા ઉદ્‌ભવી છે.આ દ્રષ્ટિકોણ, ભારત સરકાર દ્વારા હમણાં જ લેવામાં આવેલ કેટલાક મજબુત નિર્ણયો ઉપર આધારીત છે જેમ કે યુરિયા, પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં વધારો અને તેની સબસીડીમાં ઘટાડો.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૭૧૬૬ પોઈન્ટથી થઈ, આ પછી સેન્સેક્ષે ૧૭૬૦૦ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૭૦૬૧ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૭૫૭૮ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો. સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે માત્ર ૪૧૨ પોઈન્ટની વૃધ્ધિ સાથે સાપ્તાહિક બંધ આપ્યો.


**લાયન રો'ર**

**લાયન**

roar_lion@yahoo.com


ગત સપ્તાહે બજારે ઉપર તરફ ફરી ગતિ આદરતાં પહેલાં૧૭૦૬૧ પોઈન્ટે ટેકો લીધેલ છે તે સપાટી ૧૭૦૨૭ની સપાટીની લગભગ નજીક છે કે જયાં સેન્સેક્ષે બે સપ્તાહ પહેલાં ટેકો લીધેલ હતો. આ જ રીતે નિફ્ટીએ પણ ૫૧૦૧ની સપાટીએ, ગત સપ્તાહ દરમ્યાન ટેકો લીધેલ છે જે ૫૦૯૨ની સપાટીથી બિલકૂલ નજીક છે કે જયાંથી નિફ્ટી બે સપ્તાહ પૂર્વે પાછો વળેલ હતો અને ઉર્ધ્વગતિ દર્શાવી હતી. તેથી એમ સહેલાઈથી કહી શકાય કે સેન્સેક્ષની ટેકાની સપાટી ૧૭૦૬૧-૧૭૦૨૭ અને નિફ્ટીની ટેકાની સપાટી ૫૧૦૧-૫૦૯૨ છે.

જે રીતે સેન્સેક્ષ અને નિફ્ટી તેની ૫૦ દિવસની મુવીંગ એવરેજ અને ૧૦૦ દિવસની મુવીંગ એવરેજ ઉપર બિરાજી રહેલ છે તે જોતાં જણાય છે કે બજારની ટૂંકા થી મધ્યમ ગાળાની રૂખ તેજીમય છે. સેન્સેક્ષમાં ૫૦ ડી એમ એ ૧૬૭૮૨ અને ૧૦૦ ડી એમ એ ૧૬૮૨૮ છે જયારે નિફ્ટીમાં ૫૦ ડી એમ એ ૫૦૧૮ અને ૧૦૦ ડી એમ એ ૫૦૧૯ છે જે જોગાનું જોગ છે અને જો બજાર લથડે તો તે સંજોગોમાં સેન્સેક્ષમાં ૧૬૮૦૦ ઉપર અને નિફ્ટીમાં ૫૦૦૦ ઉપર ટેકો લે. બજાર જે રીતે ૨૦૦ દિવસની મુવીંગ એવરેજ (સેન્સેક્ષમાં ૧૬૧૬૭ અને નિફ્ટીમાં ૪૮૧૭) પર ટકી રહેલ છે તે જોતાં જણાય છે કે લાંબા ગાળાની ઉર્ધ્વગતિ હાલમાં સાબૂત રહેનાર જ છે.

બંન્ને ઈન્ડેક્ષોએ બુલીશ ફલેગ બ્રેકઆઉટ આપેલ છે અને પરિણામસ્વરૂપ સેન્સેક્ષનો હવે પછીનો લક્ષાંક ૧૮૦૪૭ અને નિફ્ટીનો હવે પછીનો લક્ષાંક ૫૪૧૯ છે.

## આગામી સપ્તાહ માટે ભલામણ

| STOCK | CMP | SL | Tgt-1 | Tgt-2 |
|---|---|---|---|---|
| Buy DCHL | 173 | 169 | 182 | 191 |
| Buy ApolloHosp | 736 | 724 | 762 | 784 |
| Buy RCom | 167 | 164 | 175 | 184 |
| Buy HeroHonda | 1968 | 1937 | 2006 | 2049 |
| Buy Triveni | 136 | 133 | 142 | 149 |

## ગત સપ્તાહની ભલામણો પર એક નજર

| STOCK | Reco. Price | Tgt | Reached | Lot Size | Profit |
|---|---|---|---|---|---|
| Buy Grasim | 2890 | 2949 | 2988 | 176 | Rs.17,248 |
| Buy CrewBOS | 83 | 90 | 86 | 3000 | Rs.9,000 |
| Buy Chen.Petro | 254 | 269 | 281 | 1800 | Rs.48,600 |
| Buy ShreeCem | 2276 | 2377 | 2397 | 200 | Rs.25,400 |
| Buy IDFC | 166 | 172 | 168 | 2950 | Rs. 5,900 |
| | | | | Total | Rs.1,06,148 |

## સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 5116 | 5178 | 5214 | 5262 | 5310 | 5368 | 5437 |
| Sensex | 17061 | 17276 | 17417 | 17578 | 17790 | 18047 | 18314 |

સેન્સનેક્ષનો ટ્રેન્ડલાઈન સપોર્ટ ૧૭૦૬૮ છે જયારે ટ્રેન્ડલાઈન રેજીસ્ટન્સ ૧૮૦૭૬ છે અને નિફ્ટીનો મજબૂત ટ્રેન્ડલાઈન સપોર્ટ ૫૧૭૮ છે જયારે ટ્રેન્ડલાઈન રેજીસ્ટન્સ ૫૪૩૭ છે.

ઉપર તરફ જે રીતે ૧૮૦૪૭ ફલેગ ફોર્મેશનનો લક્ષાંક છે અને ૧૮૦૭૬ ટ્રેન્ડલાઈન રેજીસ્ટન્સ છે તે જોતાં ઉપર તરફ સેન્સેક્ષનું પ્રતિકારક સપાટીનું ક્ષેત્ર ૧૮૦૪૭-૧૮૦૭૬ હોઈ શકે. આ જ રીતે નિફ્ટીમાં પણ ફલેગ ફોર્મેશનનો લક્ષાંક ૫૪૧૯ છે અને ટ્રેન્ડલાઈન રેજીસ્ટન્સ ૫૪૩૭ છે તે જોતાં પ્રતિકારક સપાટીનું ક્ષેત્ર ૫૪૧૯-૫૪૩૭ હોઈ શકે.

આ જ રીતે નિફ્ટીએ પણ શરૂઆત ૫૧૩૪ પોઈન્ટથી કરી, ૫૨૬૯ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૫૧૦૧ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૨૬૨ ઉપર બંધ આપ્યો. નિફ્ટીએ સાપ્તાહિક ધોરણે ૧૨૫ પોઈન્ટની વૃધ્ધિ સાથે બંધ આપ્યો. પરિણામ સ્વરૂપ બંને ઈન્ડેક્ષોએ સાપ્તાહિક ચાર્ટ પર મોટી વ્હાઈટ બોડીની રચના કરેલ છે જે તેજીમય રચના છે.

ગતિસૂચકો જેવાં કે આર ઓ સી, એમ એ સી ડી અને ઓબીવીએ તેમના ખરીદીના સંકેત દર્શાવવાના ચાલુ જ રાખેલ છે જયારે આર એસ આઈ અને સ્ટોકેસ્ટિક ઓસીલેટર તેમ જ મની ફલો ઈન્ડેક્ષ ઓવરબોટ ઝોનમાં છે. એડીએક્ષ ૩૪ પર છે અને હજુ તે ઉર્ધ્વગતિ કરી રહેલ છે જે દર્શાવે છે કે હાલની બજારની રૂખ મજબૂત છે. અને કોઈ પણ ઘટાડે ખરીદી કરી શકાય.

**આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો**

નિફ્ટી ઓ આઈ પી સી આર ૨.૦૨ પર તેજીના સંકેત આપી રહેલ છે. કે જે બજારમાં હાલમાં જે મજબૂતાઈ પ્રવર્તમાન છે તેવી જ મજબૂતાઈના સંકેત આપી રહેલ છે, અને તેથી ૫૦૦૦ ની સપાટીએ મજબૂત પુટ રાઈટીંગની સાથે સાથે ૫૧૦૦ અને ૫૨૦૦ના સ્ટ્રાઈક ભાવે પણ મજબૂત પુટ રાઈટીંગ જોઈ શકાય. ૫૩૦૦ ની સપાટીએ કેટલુંક કોલ રાઈટીંગ જોવા મળેલ છે, જે આગળ ઉપર પ્રતિકારક સપાટી પુરી પાડે.

આગામી સપ્તાહ માટે સેન્સેક્ષનો સપોર્ટ ૧૭૪૧૭-૧૭૨૭૬-૧૭૦૬૧ છે જયારે પ્રતિકારક સપાટી ૧૭૭૯૦-૧૮૦૪૭-૧૮૩૧૪ છે.

આગામી સપ્તાહ માટે નિફ્ટીનો સપોર્ટ ૫૨૧૪-૫૧૭૮-૫૧૧૬ છે જયારે પ્રતિકારક સપાટી ૫૩૧૦-૫૩૬૮-૫૪૩૭ છે.







# આવનાર સપ્તાહે એસ્ટ્રો સપોર્ટ મેળવનાર ટેક્ષટાઈલ્સ, લીકર તેમ જ પ્રકાશન સેકટર ખૂબ સારો દેખાવ કરશે

**તા. ૨૨મી માર્ચ થી ૨૬ મી માર્ચ ૨૦૧૦ ગ્રહોની સાપ્તાહિક સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમાં વૃષભ, મીથુન અને કર્ક રાશીમાં પરિભ્રમણ કરશે. નીચનો મંગળ કર્ક રાશીમાં પરિભ્રમણ કરશે. કેતુ મિથુનમાં, નીચનો શનિ કન્યામાં, રાહુ અને પ્લુટો ધન રાશીમાં, ગુરુ અને નેપચ્યુન કુંભ રાશીમાં પરિભ્રમણ કરશે. જયારે સૂર્ય, બુધ, શુક્ર અને યુરેનસ મીન રાશીમાં પરિભ્રમણ કરશે.

**ચેતવણી** મંગળનો ગ્રહ સામાન્ય રીતે એક ગૃહમાં ૪૫ દિવસ સુધી રહેતો હોય છે. હવે તે કર્કમાં ( કે જે એક નબળી રાશી છે)માં ૨૩૨ દિવસ રહેશે જે એક ખૂબ જ અસામાન્ય ઘટના છે. આ સમય દરમ્યાન તા. ૨૦ ડીસેમ્બર ૨૦૦૯ થી તા. ૧૦મી માર્ચ ૨૦૧૦ સુધી તે પીછેહઠની પરિસ્થિતિમાં રહેશે. મંગળનો ગ્રહ ખૂબ જ આક્રમક ગ્રહ ગણવામાં આવે છે અને કોઈ પણ કાર્ય માટે તે જવાબદાર હોય છે. અલગ અલગ જન્મકુંડળીમાં તે જે પોઝીશન રાખી રહેલ તે આધારે સારી અથવા તો નરસી અસરો દર્શાવી શકે તેથી આ ગ્રહદશાને ધ્યાનમાં રાખી પોતાની કુંડળીમાં આ ગ્રહના સ્થાન મુજબ ખાસ સાવધાની રાખવી જરુરી છે.

**આવનાર સપ્તાહ દરમ્યાન ટેક્ષટાઈલ્સ ક્ષેત્રના શેર મજબૂત એસ્ટ્રો સપોર્ટ મેળવશે.**

**સેન્ચ્યુરી, બી આર એફ એલ, બોમ્બે ડાઈંગ અને એસ કુમાર વગેરેમાં**


**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતિષ ગુપ્તા**

મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬

૦૯૮૧૦૦૧૮૪૩૮

http://www.astrostocktips.in

E-mail : astrostocktips@rediffmail.com


**ઘટાડે લાંબી પોઝીશન લો.**

**નીચે જણાવેલ બીજાં ક્ષેત્ર પણ આવનાર સપ્તાહે મજબૂત એસ્ટ્રો સપોર્ટ મેળવશે તેથી ઘટાડે આ સેકટરના શેર ખરીદો**

**લીકર : મેક ડોવેલ, ગ્લોબસ, રેડીકો વગેરે.**

**પ્રકાશન : ડી સી એચ એલ વગેરે**

**નીચેની સપાટીએ વોલ્ટાસ ખરીદો.**

**ગત સપ્તાહની આગાહી પર એક નજર :**

અમારી આગાહી મુજબ બધાજ ટેક્ષટાઈલ્સ શેરોએ ખૂબ સારો દેખાવ કર્યો અને એસ કુમાર, લોયલ, નાહર, અરવીંદ, સીમ્પ્લેક્ષ, નાહર સ્પોન્જ, ઈન્ડિયા કાર્ડ કલોથીંગ, શ્રી લક્ષમી કોટન, વેરોલોજી, અંબિકા કોટન, વર્ધ્માન ટેક્ષટાઈલ, બાંસવારા, ડોનીઅર, બોમ્બે ડાઈંગ વગેરે ૫ થી ૩૫ ટકા ઉપર ગયા. નાણાકીય ક્ષેત્રમાં ઈન્ડસીન્ડ બેક, એસ આઈ બેંક, પી એન બી, યુ બી આઈ અને આર ઈ સી વગેરે ૫ થી ૮ ટકા વધ્યા હતા.

**જે શેર એસ્ટ્રો સપોર્ટ મેળવે છે તે સામાન્યરીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

**નોંધ :** અમોએ જે તે સેકટર માટે આગાહી કરેલ છે છતાં એ જરૂરી નથી કે આ સેકટરના બધા જ શેર એક જ દિવસમાં સારો દેખાવ દર્શાવે.

ડે ટ્રેડીગમાં નાણાં મેળવવાં ખૂબ જ કઠીન છે, તેથી અમો પોજીશનલ ટ્રેડ માટે સલાહ આપીશું. પરંતુ જો કોઈ એક જ દિવસે નફો મેળવી શકે તો નફો બુક કરી લેવો જઈએ.

# ગત સપ્તાહે માર્કેટમાં તેજીનો દોર જોવા મળ્યો

વાંચક મિત્રો, અગાઉ કહ્યા મુજબગત સપ્તાહમાં માર્કેટમાં તેજીનો દોર જોવા મળ્યો હતો અને આઈટી અને રિયલ્ટી સેકટરમાં તેજીની ચાલ જોવા મળી હતી. આવનાર સપ્તાહમાં રિવર્સ રેપો રેટ અને રેપો રેટમાં ૦.૨૫ ટકાનો વધારો કરવાની શરુઆતી માર્કેટ નેગેટિવ ઝોનમાં જોવા મળશે. પરંતુ આ ઘટાડે સામે પડીને માલ લેજો. સપ્તાહના અંતમાં ફરી તેજીની ચાલ જોવા મળશે. ઓટોલોન, હોમલોન અને વ્યાજદરમાં વધારો થવાથી જેની સીધી અસર પડશે તેમજ શ્રી પ્રણવ મુખર્જી દ્વારા લેવામાં આવેલો નિર્ણય કેટલો ખરો ઉતરશે જેને જોવાનું છે. અને મોંઘવારીમાં કેટલો વધારો કે ઘટાડો થશે જે આવનાર સમય જ કહેશે.

**(૧) ટાટા પાવર (૧૩૫૭.૦૫) :-** આ સ્ક્રીપમાં નજીકના ૧૩૫૧ અને દૂરના ૧૩૪૫ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૧૩૬૪ આ ઉપર ૧૩૭૨ આ ઉપર ૧૩૮૧ થી ૧૩૯૫નો ભાવ જોવા મળે.

**(૨) ઓરેકલ (૨૩૨૦.૩૦) :-** આ સ્ક્રીપમાં નજીકના ૨૩૧૪ અને દૂરના ૨૩૦૬ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૨૩૨૮ આ ઉપર ૨૩૩૭ આ ઉપર ૨૩૪૫ થી ૨૩૫૭ નો ભાવ જોવા મળે.


**બેસ્ટ ટીપ્સ**



**રૂપેશ શાહ**

મો. ૯૪૨૮૭૩૨૫૭૨

rup947@yahoo.co.in


**(૩) કેઈસી (૫૬૯.૫૦) :-** આ સ્ક્રીપમાં નજીકના ૫૬૨ અને દૂરના ૫૫૭ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૫૭૫ આ ઉપર ૫૮૩ આ ઉપર ૫૯૧ થી ૫૯૭ નો ભાવ જોવા મળે.

**(૪) એલ એન્ડ ટી (૧૬૨૦.૭૦) :-** આ સ્ક્રીપમાં નજીકના ૧૬૧૪ અને દૂરના ૧૬૦૫ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૧૬૨૮ આ ઉપર ૧૬૩૫ આ ઉપર ૧૬૪૪ થી ૧૬૫૮ નો ભાવ જોવા મળે.

**(૫) ડો. રેડ્ડી (૧૨૫૧.૨૦) :-** આ સ્ક્રીપમાં નજીકના ૧૨૪૪ અને દૂરના ૧૨૩૭ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૧૨૫૮ આ ઉપર ૧૨૬૭ આ ઉપર ૧૨૭૪ થી ૧૨૮૫ નો ભાવ જોવા મળે.

**(૬) ઓએનજીસી (૧૦૫૬.૦૫) :-** આ સ્ક્રીપમાં નજીકના ૧૦૫૧ અને દૂરના ૧૦૪૭ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૧૦૬૩ આ ઉપર ૧૦૬૮ આ ઉપર ૧૦૭૪ થી ૧૦૮૨ નો ભાવ જોવા મળે.

**(૭) એમ એન્ડ એમ (૧૦૭૩.૩૦) :-** આ સ્ક્રીપમાં નજીકના ૧૦૬૬ અને દૂરના ૧૦૫૭ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૧૦૭૯ આ ઉપર ૧૦૮૬ આ ઉપર ૧૦૯૪ થી ૧૧૦૨ નો ભાવ જોવા મળે.

**(૮) ભેલ (૨૩૭૨.૮૦) :-** આ સ્ક્રીપમાં નજીકના ૨૩૬૬ અને દૂરના ૨૩૫૭ સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં ૨૩૭૯ આ ઉપર ૨૩૮૬ આ ઉપર ૨૩૯૪ થી ૨૪૦૬ નો ભાવ જોવા મળે.

# ૫૩૧૧ અને ૫૦૭૮ વચ્ચે રેન્જ બાઉન્સ મુવમેન્ટ જોવા મળે

**નિફ્ટી ફ્યુચર બંધ : ૫૨૭૫** ઉપરમાં ૫૨૯૮ - ૫૩૧૧ એ એક મહત્ત્વની પ્રતિકાર સપાટી છે. આ સપાટી પાર ન થાય તો વેચવાલી જોવા મળે. આ સપાટી પૂરતું વેચાણ તરીકે ૫૩૨૭નો સ્ટોપલોસ રાખવો. નીચામાં ૫૨૦૪-૫૨૨૧ એ એક ઈન્ટ્રાડેની દ્દષ્ટિએ મહત્ત્વનો સપોર્ટ છે. આ સપોર્ટ પૂરતો લેણપેટે ૫૧૬૭નો ઈન્ટ્રાડે સ્ટોપલોસ રાખવો. ઓવરઓલ લોંગની દ્દષ્ટિએ ૫૦૭૮નો સ્ટોપલોસ રાખવો. ડેઈલી અને વીકલી ચાર્ટ ખૂબ જ પોઝીટીવ હોવાથી નીચા મથાળે લેણ કરવું હિતાવહ રહેશે. ઉપરમાં ૫૩૧૧ પાર થતાં અને તે ઉપર બે દિવસ બંધ આવતા વધુ સુધારા થકી ૫૩૫૫ ૫૪૩૬, ૫૪૬૮, ૫૫૧૭ સુધીનો આંક જોવા મળે.


**ગોલ્ડન સ્પોટ**

**મનીષ પટેલ**

**મો. ૯૯૦૯૯૭૩૪૩૧**

latish_patel@yahoo.co.in


**(૬) ભારતી શીપયાર્ડ (૨૬૪) :** આ શેરમાં ૨૫૫ સપોર્ટ અને ૨૮૨ ઉપર ૩૧૨ લેવલ તેજીનું છે. ડીલીવરી જાળવી રાખનાર વધુ કમાશે.

ચાલુ બજારે એનલાઈન ટીપ્સ પણ અપાય છે. આ માટે અમાર યાહુ મેસેન્જર neerav-desai ઉપર રીકવેસ્ટ મોકલા જણાવવામાં આવે છે. અગર તો ૯૮૨૦૬૨૭૪૫૪ ઉપર "ઓનલાઈન" ટાઈપ કરી મેસેજ કરવો.

# બજારો ફ્યુચર ઓપ્શનની એક્ષપાયરીને કારણે વોલેટાઈલ રહેશે

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૭૫૭૮.૨૩) અને નિફ્ટી (૫૨૬૨.૮૦) બંન્ને ૨.૪૧ ટકા અને ૨.૦૪ ટકા વધીને બંધ આવ્યા હતા. નિફ્ટી ફ્યુચર માર્ચ ૧૧.૯૦ પોઈન્ટના પ્રિમિયમમાં હતો. નિફ્ટી માર્ચ ૫૨૦૦ ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૭૨૨૫ નો અને **રેજીસ્ટન્સ** ૧૭૯૫૦ છે. જ્યારે **નિફ્ટીમાં સપોર્ટ** ૫૧૫૦ નો અને **રેજીસ્ટન્સ** ૫૩૮૦ છે.

એસ એન્ડ પી દ્વારા ભારતનું રેટીંગ નેગેટિવ ટુ સ્ટેબલ કરતાં શેર બજારમાં તેજી જોવા મળે.ભારતીય શેર બજારો ૨૪ માર્ચ ૨૦૧૦ના રોજ રામ નવમીને દિવસે બંધ રહેશે.

આરઆઈએલ અને એસબીઆઈ ના ઓપન ઈન્ટરેસ્ટમાં માર્ચ સિરીઝમાં રસ જોવાયો હતો. આરઆઈએલ ના માર્ચ ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૧૦૮૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. ભારતી એરટેલ માં કોલ ઓપ્શનમાં માર્ચ માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૩૧૦ પણ જોવા મળેલ છે.

**ફ્યુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. ભારતી એટેલ (૩૧૧.૯૦)** લોટ સાઈઝ ૫૦૦ શેર

● માર્ચ માસના સ્ટ્રાઈક ભાવ

## બુલેટ



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

૩૧૦ થી ૫.૪૫ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.

● માર્ચ માસના ૩૨૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૨.૦૫ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૫.૪૫★૫૦૦= ૨૭૨૫.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૨.૦૫ ★૫૦૦ = ૧૦૨૫.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૨૭૨૫.૦૦ - ૧૦૨૫.૦૦ = ૧૭૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૩૨૦ - ૩૧૦ = ૧૦ ★ ૫૦૦ = ૫૦૦૦ - ૧૭૦૦.૦૦ = ૩૩૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૧૭૦૦.૦૦ રૂ. **બ્રેક ઈવન પોઈન્ટ** : = ૩૧૩.૪૦

**૨. સુઝલોન (૭૬.૨૦) :** માર્ચ માસ ફયુચર લોટ સાઈઝ ૩૦૦૦ શેર

● રૂ. ૭૬.૨૦ ના ભાવથી માર્ચ માસ ફયુચરનો એક લોટ ખરીદો.

● **વેચો એક કોલ ઓપ્શન :** માર્ચ માસ સ્ટ્રાઈક ભાવ ૮૦ થી રૂ. ૦.૪૦ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : = ૦.૪૦ ★૩૦૦૦ = ૧૨૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૮૦.૦૦ -૭૬.૨૦= = ૩.૮૦★૩૦૦૦ = ૧૧૪૦૦.૦૦ + ૧૨૦૦.૦૦ = ૧૨૬૦૦.૦૦

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. આર.કોમ.** (૧૬૭.૯૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. એસબીઆઈ** (૨૦૫૮.૪૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

## દીપનું દર્પણ



**દીપેશ ગોહીલ**
**મો. ૯૭૨૭૯૯૦૯૮૦**
veenmoney@gmail.com

| | |
|---|---|
| NAME | : NIFTY |
| BUY ABOVE | : 5275 |
| RES-1 | : 5310 |
| RES-2 | : 5340 |
| RES-3 | : 5400 |
| SELL BELOW | : 5275 |
| SUP-1 | : 5230 |
| SUP-2 | : 5180 |
| SUP-3 | : 5150 |





| | |
|---|---|
| NAME : BANK NIFTY | |
| BUY ABOVE | : 9270 |
| RES-1 | : 9320 |
| RES-2 | : 9360 |
| RES-3 | : 9449 |
| SELL BELOW | : 9270 |
| SUP-1 | : 9240 |
| SUP-2 | : 9151 |
| SUP-3 | : 9061 |





| | |
|---|---|
| NAME | : ICICI BANK |
| BUY ABOVE | : 955 |
| RES-1 | : 970 |
| RES-2 | : 983 |
| RES-3 | : 996 |
| SELL BELOW | : 955 |
| SUP-1 | : 941 |
| SUP-2 | : 930 |
| SUP-3 | : 914 |





| | |
|---|---|
| NAME | : MTNL |
| BUY ABOVE | : 75 |
| RES-1 | : 77 |
| RES-2 | : 84 |
| RES-3 | : 89 |
| SELL BELOW | : 75 |
| SUP-1 | : 72 |
| SUP-2 | : 68 |
| SUP-3 | : 65 |





| | |
|---|---|
| NAME | : DLF |
| BUY ABOVE | : 310 |
| RES-1 | : 318 |
| RES-2 | : 326 |
| RES-3 | : 335 |
| SELL BELOW | : 310 |
| SUP-1 | : 301 |
| SUP-2 | : 290 |
| SUP-3 | : 280 |





| | |
|---|---|
| NAME : CENTURYTEX | |
| BUY ABOVE | : 520 |
| RES-1 | : 530 |
| RES-2 | : 545 |
| RES-3 | : 555 |
| SELL BELOW | : 520 |
| SUP-1 | : 513 |
| SUP-2 | : 502 |
| SUP-3 | : 492 |





### OUR PERFORMANCE

| STOCKS | REC. PRICE | HIGH/LOW | TARGET |
|---|---|---|---|
| NIFTY | 5135 | 5274 | 3 TAR. ACHVD. |
| BANK NIFTY | 9170 | 9294 | 3 TAR. ACHVD. |
| RENUKA | 154 | - | SPLIT |
| SBIN | 2045 | 1997 | 2 TAR. ACHVD. |
| IFCI | 52 | 50.70 | 1 TAR. ACHVD. |
| HCC | 142 | 135.70 | 2 TAR. ACHVD. |

શેર બજારની એસ્ટ્રોલોજીકલ પ્રીડીક્શન માટે જૂઓ
http//:www.astrostocktips.in
મો. નં. ૯૮૧૦૦૧૮૪૩૮-૯૮૧૦૦૫૬૫૪૩

**ATTENTION**

The material contained in the Economic Revolution is based on Fundamental and Technical analysis & other scientific methods and also the knowledge and belief of author. Error can not to be rulled out. The information given is of advisory nature only. The Editor, the Publisher and the Author does not take any consequences arising out of it. All rights reserved. Reproducing to whole or in part of any matter including featurs without permision is not permitted. Letgal jurisdiction is Ahmedabad only. The material given in the Economic Revolution is the views of author only, it not means that Editor is agree with it, so Editor, the Publisher and the printer is not resposible for the contains in writers article.

Narendra JoshiEditor,
The Economic Revolution.

# આરબીઆઈ દ્વારા રેપોરેટ અને રિવર્સ રેપો રેટમાં કરવામાં આવેલ ૨૫ બેઝીક પોઈન્ટની વૃધ્ધિ

આર બી આઈ દ્વારા રેપો રેટ અને રિવર્સ રેપો રેટમાં ૨૫ બેઝીક પોઈન્ટની વૃધ્ધિ કરવામાં આવેલ છે. હું છેલ્લા બે સપ્તાહથી વ્યાજ દરની વૃધ્ધિ માટે લખી રહેલ હતો. આ વ્યાજ દર વૃધ્ધિ બેંકના નફા પર અસરકૃત થશે. એક્ષપાયરી પહેલાં બજારમાં નિફ્ટીમાં ૧૦૦ પોઈન્ટ કરેકશન જોવા મળે. જે રીતે સરકારે એનીમેશન અનેગેઈમીંગને ૫૨૦ કરોડ ફાળવેલ છે તે જોતાં એનીમેશન અને સ્પેશિયલ ઈફેકટ કંપનીઓ ખૂબ સારી

## ફાયદાનો સોદો



**રાજેશ કોઠારી**
**મો. ૦૯૮૯૨૧૪૫૩૩૫**

જણાઈ રહેલ છે.

'૩ જી' (થર્ડ જનરેશન) ટેલીફોન કંપનીઓ માટેનો મૂળમંત્ર છે.

ભારતી અને આરકોમ ખરીદો. રિલાયન્સ, એ ગ્રુપના શેરોમાં ઓ એન જી સી અને ગેઈલ આવનાર એક વર્ષમાં ખૂબ સારા સાબિત થાય.

'ડાર્ક હોર્સ' સાબિત થનારો એમ ટી એન એલ હમણાં જ ખરીદો અને સારી જાહેરાત માટે રાહ જુઓ. હવે પછીના ત્રિમાસીક ગાળામાં પણ વ્યાજદર હાથવેંતમાં. બેંકીંગના શેરમાં કાળજી રાખો અને થોડા સમય માટે તેને અવગણો.

| શેરનું નામ | ભલામણ | હાલનોભાવ | લક્ષાંક-૧ | લક્ષાંક-૨ | સ્ટોપલોસ |
|---|---|---|---|---|---|
| ક્રીસ્ટ એનીમેશન | ખરીદો | ૯૧ | ૯૫ | ૯૮ | ૮૮ |
| બ્રાન્ડહાઉસ રિટેઈલ | ખરીદો | ૩૬.૯૫ | ૪૧ | ૪૬ | ૩૪ |
| રિલાયન્સ ઈન્ડ. | ખરીદો | ૧૦૯૨ | ૧૧૨૫ | ૧૧૫૦ | ૧૦૭૫ |
| સુવેન | ખરીદો | ૨૬.૮ | ૩૦ | ૩૪ | ૨૪ |
| કેઈર્ન | ખરીદો | ૨૮૫ | ૨૯૫ | ૩૧૦ | ૨૭૭ |
| ઈનોક્ષ | ખરીદો | ૬૮.૫ | ૭૫ | ૭૯ | ૬૬ |
| આર કોમ | ખરીદો | ૧૬૮ | ૧૭૫ | ૧૮૨ | ૧૬૨ |
| પી ફોકસ | ખરીદો | ૨૧૩.૩ | ૨૨૫ | ૨૩૦ | ૨૧૦ |
| એપ્ટેક | ખરીદો | ૧૭૦ | ૧૭૮ | ૧૮૫ | ૧૬૫ |
| ટાટા ઈલેક્ષી | ખરીદો | ૩૧૪ | ૩૨૫ | ૩૪૯ | ૩૦૮ |

# ગવાર સીડમાં વિશિષ્ટ હલચલની સંભાવના

ભારતીય શેર બજાર માટે વર્ષ ૨૦૧૦ નું માર્ચ માસનું અંતિમ સપ્તાહ જેની શરુઆત ૨૨ માર્ચથી થશે અને ૨૭ માર્ચ સુધી ચાલશે. આ સપ્તાહનું પ્રતિનિધિત્વ શનિ ગ્રહ કરી રહ્યો છે. આ સપ્તાહે સૂર્ય, શુક્ર અને બુધ મીન રાશીમાં શનિ ગ્રહ કન્યા, મંગળ કુંભ રાશીમાં હશે. આ સપ્તાહે ચંદ્ર રોહીણી, પુનવસુ, પુષ્પ અને અશ્લેષા નક્ષત્રોમાં ભ્રમણ કરશે. આ બધા ગ્રહ સંયોગ ભારતીય શેર બજારમાં પ્રોફીટ બુકિંગનો સંકેત આપે છે. જ્યાં ઉછાળે વેચવાલીની સંભાવના રહેલી છે.

અમારા પાછલા લેખમાં અમે બેંકિંગ, ઓઈલ એન્ડ ગેસ, ટેક્ષટાઈલ, ફાર્માસ્યુટિકલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે શેરોમાં હલચલની સંભાવનાની અગ્રીમ ભવિષ્યવાણી આપી હતી જે સત્ય સાબિત થઈ.

આ સપ્તાહના પ્રથમ ત્રણ દિવસ વિશેષ હલચલની સંભાવના છે. તથા

## એસ્ટ્રોમની ગુરૂ



**કર્નલ અજય**
**મો. 09414056705**
www.astromoneyguru.com

સપ્તાહના અંતિમ દિવસે નીચલા સ્તરે રોકાણનો સારો લાભ મેળવી શકે છે.

આ સપ્તાહે નીચલા મથાળે ક્રેઈન ઈન્ડિયા, એચપીસીએલ, સેઈલ વગેરે શેરોમાં રોકાણ કરવું હિતાવહ રહેશે.

વધુ ચર્ચાયેલ પશુ ચારો ગવાર સીડ અને ગવાર ગમમાં નીચલા સ્તરે ખરીદારી જોવા મળી શકે છે.

આ સપ્તાહ વૃષભરાશી વાળા માટે શુભ રહી શકે છે. વૃષભ રાશી વાળા માટે હીરા રત્ન પહેરવું શુભ હોઈ શકે છે.તથા પ્રત્યેક મહિનાની ૮-૧૭-૨૬ તારીખ શુભ હોઈ શકે છે. જો કે આ તારીખોમાં શનિવાર અને શુક્રવારે જો મંદી પણ આવી જાય તો વૃષભ રાશીવાળા આ તારીખોમાં લાભ મેળવી શકે છે.

નફા-નુકસાનનું આકલન જન્મ પત્રિકામાં આવેલ ગ્રહ સ્થિતિના આધારે ગણવા વધારે હિતાવહ રહેશે.

ઉપરોક્ત બધી ભવિષ્યવાણી જેમીની જ્યોતિષ અને અંક જ્યોતિષના માધ્યમથી આપવામાં આવે છે. લેખકનો આમાં કોઈ અંતરંગ સ્વાર્થ નથી.

શેર બજારના અનિલિમિટેડ મેસેજ મેળવો ફક્ત રૂા. ૧૦૦૦/- માં મો. ૯૮૨૫૦૬૫૩૮૭

# આ કંપનીમાં ધીમી ગતિએ પણ એક ચોકક્સ દરે થતા વિકાસને ધ્યાનમાં રાખી રોકાણના હેતુથી અરજી કરી શકાય

**ઈન્ટ્રાસોફ્ટ ટેકનોલોજીસ લી.**

નવા ઇસ્યુ

નરેન્દ્ર જોષી

**પ્રસ્તાવના**

મુંબઈ સ્થિત વેબસાઈટ દ્વારા ઈલેકટ્રોનિકસ ગ્રીટીંગ કાર્ડ ઉપલબ્ધ કરાવતી ઈન્ટ્રાસોફ્ટ ટેકનોલોજીસ લી. તા. ૨૩મી માર્ચના રોજ રૂ. ૧૦નો એક એવા ૩,૭૦૦,૦૦૦ ઈક્વીટી સાથે રૂા. ૧૨૭ થી ૧૩૫ ના પ્રિમિયમથી રૂ. ૧૩૭ થી ૧૪૫ ના ભાવે પ્રસ્તુત કરીને મુડી બજારમાં પ્રવેશી રહેલ છે. જે અંગેની સઘળી વિગતો આ સાથે સામેલ છે.

**કંપનીનો પરિચય**

૧૯૯૬માં સ્થપાયેલી ઈન્ટ્રાસોફ્ટ ટેકનોલોજીસ લી વેબસાઈટ દ્વારા ઈલેક્ટ્રોનિક ગ્રીટીંગ કાર્ડની સેવાઓ પુરી પાડે છે. (www.123greetings.com.) વેબસાઈટ 123greetings પાસે ૨૦,૦૦૦ થી વધારે રેન્જમાં ઈલેક્ટ્રોનિક ગ્રીટીંગ કાર્ડ છે જે વિવિધ ભૌગોલિક, ધાર્મિક ઉત્સવો, પ્રસંગોપાત ઉપયોગમાં લેવાય તેવા તેમ જ બીજા જે પણ કંઈ પ્રસંગો હોય તેને આનુસંગિક કાર્ડનો સમાવેશ થાય છે.

આ કંપની પાસે ૧૬ રચનાત્મક પ્રોફેશનલ્સ છે જેઓ કંપનીના જ કાર્યસ્થળે ઈલેક્ટ્રોનિક ગ્રીટીંગ કાર્ડ માટે આર્ટીસ્ટીક, ફોટોગ્રાફીક અને મ્યુઝીકલ કન્ટેન્ટ તૈયાર કરે છે.

આ કંપની તેના ઉપયોગકર્તાને ઈલેકટ્રોનિકસ ગ્રીટીંગ કાર્ડ એકસેસ કરવા માટે તેમ જ મોકલવા માટે કોઈ પણ ચાર્જ કરતી નથી અને તેની મોટા ભાગની આવક ઓનલાઈન જાહેરાત અને સોફટવેર ડેવલપમેન્ટ સેવાઓ દ્વારા જ મેળવી રહેલ છે.

**નાણાંકીય બાબતો અને ભલામણ**

ઈન્ટ્રાસોફ્ટ ટેકનોલોજી લી. ના ૩૧ માર્ચ ૨૦૦૫ થી ૩૧ માટે ૨૦૦૯ના હિસાબો તરફ નજર કરતાં જણાય છે કે આ કંપનીએ આ સમયગાળા દરમ્યાન અનુક્રમે રૂા. ૧૪૯૩.૬૦ લાખ રૂા. ૧૬૪૦.૯૫ લાખ રૂા. ૧૭૨૭.૬૮ લાખ, રૂા. ૨૦૧૭.૮૬ લાખ અને રૂા. ૨૩૩૫.૧૫ લાખ આવકો મેળવેલ છે. તે સામે રૂા. ૨૧૩.૪૮ લાખ, રૂા. ૧૮૮.૯૭ લાખ, રૂા. ૩૨૭.૭૧ લાખ નફો મેળવેલ છે. આ રીતે છેલ્લા પાંચ વર્ષની તેમની આવકો અને નફામાં સાતત્યતાભરી વૃદ્ધિ જોવા મળેલ છે. જે એક સારી બાબત ગણી શકાય. તેઓએ આવકો અને નફામાં જે સાતત્ય દર્શાવેલ છે તે નથી ધ્યાનમાં રાખતા આ કંપની ૨૦૧૦ના નાણાંકીય વર્ષના અને તેની આવકો રૂા. ૨૮૦૦ લાખ અને નફો રૂા. ૭૦૦ લાખ જેટલો થવાનો અંદાજ છે. તેથી ૨૦૧૦ની સામે તેની પ્રાઈઝબેન્ડ રૂા. ૧૩૭ થી ૧૪૫ દર્શાવેલ છે જે યોગ્ય જણાય છે.

બીજું આ કંપની તેની વેબસાઈટ પર દરેક જાતનાં ઈલેકટ્રોનિક ગ્રીટીંગ કાર્ડ વિના મુલ્યે ઉપલબ્ધ કરાવે છે. દરેક પ્રસંગ માટે કાર્ડ વ્યાપક શ્રેણી અને સંખ્યામાં ઉપલબ્ધ છે. તેમજ તેના વેચાણ માટેનો કોઈ પ્રશ્ન નથી. હાલમાં યુવાનો એટલે કે નવી પેઢી જે રીતે ઓનલાઈન ગ્રીટીંગ્સ અને એસએમએસ ઉપયોગ કરે છે તે જોતાં આ વેબાઈટ વધુને વધુ પોપ્યુલર થવાની છે તે આમે તેની જાહેરાતોની આવકો પણ વધશે. ખોટ જવાની કોઈ જગ્યા જણાતી નથી કે કંપની સમક્ષ કોઈ મોટાં જોખમો ઉપલબ્ધ થાય તેમ પણ જણાતું નથી.

ક્રેડીટ રેટિંગ કંપની કેર દ્વારા પણ આ કંપનીને ગ્રેડ-૩ આપવામાં આવ્યો છે. જે સરેરાશ એટલે કે મધ્યમ ફન્ડામેન્ટલ દર્શાવે છે. જે જોતાં આ કંપનીમાં ધીમી ગતિએ પણ એક ચોકક્સ દરે થતા વિકાસને ધ્યાનમાં રાખી રોકાણના હેતુથી અરજી કરી શકાય.

## કેર દ્વારા રેટીંગ

ક્રેડીટ રેટીંગ કંપની કેર દ્વારા આ આઈપીઓને ગ્રેડ-૩ ફાળવવામાં આવેલ છે. એટલે કે કેર રેટીંગ કંપનીના મંતવ્ય મુજબ આ આઈપીઓ સરેરાશ ફન્ડામેન્ટલ ધરાવે છે એટલે કે સારા પણ નહીં અને નરસા પણ નહીં તેવા ફંડામેન્ટલ ધરાવે છે. કેર કંપની ૧ થી ૫ નંબરના ગ્રેડ આપે છે જેમાં નં. ૧ ખૂબ નબળા ફંડામેન્ટલ અને નં. ૫ ખૂબ સારા ફંડામેન્ટલ દર્શાવે છે.

## ઈન્ટ્રાસોફ્ટ ટેકનોલોજીસ લી.

**ઈસ્યૂ ખુલવાની તા. ૨૩ મી માર્ચ ૨૦૧૦ થી ૨૬ મી માર્ચ ૨૦૧૦**

| | |
|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | : ૧૦૦ ટકા બુક બિલ્ડીંગ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | : ૩,૭૦૦,૦૦૦ ઈક્વિટી શેર |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | : ૫૦.૬૯ - ૫૩.૬૫ કરોડ |
| **ભરપાઈ થયેલ મૂડીનો હિસ્સો:** | ૨૫.૧૨ ટકા |
| **શેરની મૂળ કિંમત** | : રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | : રૂ. ૧૩૭ થી ૧૪૫ |
| **ઓછામાં ઓછી અરજી** | : ૪૦ શેર (રૂા. ૫૮૦૦) (અપર સાઈડ) |
| **વધારેમાં વધારે અરજી** | : ૬૮૦ શેર (રૂા.૯૮૬૦૦) (અપર સાઈડ) |
| **પ્રમોટર્સ** | : શ્રી અરવીંદ કાજરીઆ<br>શ્રી શરખ કાજરરીયા |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | : પાંચમો માળ, નં. ૧૪૫, રાસ બિહારી એવન્યુ, કોલકાટા ૭૦૦ ૦૨૯ પશ્ચિ બંગાળ, ભારત<br>ફોન નં. +૯૧ ૩૩ ૨૪૬૪ ૩૩૦૬<br>ફેક્સ નં. +૯૧ ૩૩ ૨૪૬૪ ૬૫૮૪ |

**Email: ipo@itlindia.com**
**Website: http://www.itlindia.com/investor-relations**

| | |
|---|---|
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | : લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લી.<br>સી - ૧૩, પન્નાલાલ સિલ્ક મિલ્સ કંપાઉન્ડ, એલ બી એસ માર્ગ, ભન્ડુપ વેસ્ટ, મુંબઈ : ૪૦૦૦૭૮<br>ફોન નં. +૯૧-૨૨-૨૫૯૬૩૮૩૮<br>ફેક્સ નં. +૯૧-૨૨-૨૫૯૪૬૯૬૯ |

**Email: intrasoft.ipo@linkintime.co.in**
**Website: http://www.intimespectrum.com**

| | |
|---|---|
| **બુકરનીંગ લીડ મેનેજર** | : **આનંદ રાઠી સિક્યુરીટીઝ લી.**<br>**કોલીન્સ સ્ટટેવર્ટ ઈન્ગા પ્રા લી.** |
| **લીસ્ટીંગ** | : બીએસઈ, એનએસઈ. |

### શેરની ફાળવણી

| કયુબીઆઈ | નોન ઇન્સ્ટી | છૂટક |
|---|---|---|
| ૧,૮૫૦,૦૦૦ | ૫૫૫,૦૦૦ | ૧,૨૯૫,૦૦૦ |

### આઈપીઓનો હેતુ

બ્રાન્ડીંગ અને પ્રમોશન, કલકત્તા ખાતે કોર્પોરેટ કચેરી ખરીદવા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજીમાં રોકાણ માટે, સામાન્ય કોર્પોરેટ બાબતો, ઈસ્યુ અંગેના ખર્ચને પહોંચી વળવા માટે તેમ જ સ્ટોક માર્કેટના લીસ્ટીંગનો લાભ લેવાના હેતુ માટે

# મધ્યમથી લાંબાગાળા માટે અવશ્ય આ શેરમાં રોકાણ કરી શકાય

**ગોએન્કા ડાયમન્ડ એન્ડ જવેલ્સ લી.**

નવા ઇસ્યુ

નરેન્દ્ર જોષી

**પ્રસ્તાવના**

મુંબઈ સ્થિત૧૯૯૦માં સ્થપાયેલી હીરાના કટીંગ અને પોલીશીગ સાથે તેમ જ હીરાની જવેલરીના ઉત્પાદન અને વેચાણ સાથે સંકળાયેલી કંપની ગોએન્કા ડાયમન્ડ એન્ડ જવેલ્સ લી. તા. ૨૩મી માર્ચના રોજ રૂ. ૧૦નો એક એવા ૧૦,૦૦૦,૦૦૦ ઈક્વીટી સાથે રૂા. ૧૨૫ થી ૧૩૫ ના પ્રિમિયમથી રૂ. ૧૩૫ થી ૧૪૫ ના ભાવે પ્રસ્તુત કરીને મુડી બજારમાં પ્રવેશી રહેલ છે. જે અંગેની સઘળી વિગતો આ સાથે સામેલ છે.

**કંપનીનો પરિચય**

૧૯૯૦માં સ્થપાયેલી ગોએન્કા ડાયમન્ડ એન્ડ જવેલ્સ લી.હીરાના કટીંગ અને પોલીશીગ સાથે તેમ જ હીરાની જવેલરીના ઉત્પાદન અને વેચાણ સાથે સંકળાયેલી કંપની છે. ગોએન્કાની ઉત્પાદન શૃંખલામાં વીંટી, એરીંગ્સ, પેન્ડન્ટ, બ્રેસલેટસ, નેકલેસ વગેરેનો સમાવેશ થાય છે જે પોલીશ કરેલા હીરા, રત્નો તેમ જ બીજા સેમી રત્નોનો ઉપયોગ કરી સોનામાંથી બનાવવામાં આવે છે. આ કંપની સુરત અને મુંબઈ ખાતેના સેજમાં પોતાની માલિકીના ડાયમન્ડ પ્રોસેસીગ યુનિટમાં ધરાવે છે.

ગોએન્કા ડાયમન્ડ રિટેઈલ તેમની ડાયમન્ડ જવેલરી બે બ્રાન્ડ નીચે વેચે છે જે કેર્સ અને જી વાઈલ્ડના નામથી ઓળખાય છે. આ કંપની કેર્સ બ્રાન્ડ દ્વારા કિમંતી જવેલરી વેચે છે જે સોસાયટીના આર્થિક રીતે વધુ સધ્ધર લોકોને ધ્યાનમાં રાખીને પુરી પાડવામાં આવે છે જયારે જી વાઈલ્ડ આંતર રાષ્ટ્રીય ધોરણની હીરાની જવેલરી છે જે યુવાનોને લક્ષાંક બનાવીને પુરી ઉત્પાદિત કરવામાં આવે છે.

**નાણાંકીય બાબતો અને ભલામણ**

આ કંપનીની આવકો તરફ નજર કરતા જણાય છે કે,૨૦૦૫થી ૨૦૦૯દરમ્યાન તેની કુલ આવકો અનુક્રમે રૂા. ૨૭૯૦.૧૭ લાખ, રૂા. ૩૮૬૦.૩૫ લાખ, ૭૩૬૦.૫૪ લાખ,૨૦૦૬૧.૯૨ લાખ અને નફો પણ અનુક્રમે રૂા. ૨૯.૯૪ લાખ, રૂા. ૪૭.૧૨ લાખ, રૂા. ૨૭૦.૭૮ લાખ, રૂા. ૧૨૪૧.૪૨ લાખ અને રૂા. ૨૭૩૭.૮૧ લાખ થયેલ છે. આમ ૨૦૦૫થી આવકો અને નફામાં બે ગણા કરતા પણ વધારે વૃદ્ધિ નોંધાયેલ છે.

જયારે આ કંપનીએ માર્ચ ૨૦૦૭થી માર્ચ ૨૦૦૯ દરમ્યાન શેર દીઠ આવકો અનુક્રમે રૂા. ૧.૯૩, રૂા. ૯.૫૬ અને રૂા. ૨૦.૬૦ દર્શાવેલ છે. તે પણ તેના વિકાસની ઝડપ દર્શાવી રહેલ છે.

આપણે જાણીયે છીએ કે આ વર્ષ દરમ્યાન હીરા બજારમાં અનેક ચઢ ઉતર જોવા મળી. વૈશ્વિકસ્તરે મંદીનો વંટોળ જાગ્યો હતો. આમ છતાં આ સમય દરમ્યાન પણ સારો દેખાવ આ કંપનીની મજબૂતાઈ દરફ અંગુલીનિર્દેશ કરે છે.

ઉપરના રિઝલ્ટના આંકડા ઉપર ફરી નજર કરીએ તો ના.વ. ૨૦૦૯ માં આ કંપનીએ લગભગ ૪૫૧ કરોડની આવકો દર્શાવેલ છે. તે સામે ચોખ્ખો નફો ૨૪.૫૨ કરોડ દર્શાવેલ છે. જ્યારે તેમની નેટવર્થ ૨૪૫ કરોડ છે. તેથી શેરદીઠ આવક રૂા. ૮ થઈ.

જો આપણે આગળના વિકાસને અનુસંધાને આ કંપનીના વિકાસ તરફ નજર કરીએ તો ના.વ. ૨૦૧૦ અને ૧૧માં અનુક્રમે ૭૦.૭૦ ટકા વિકાસ અંદાજીએ તો શેરદીઠ આવક ૨૦૧૦માં રૂા.૧૪ અને ૨૦૧૧માં અંદાજે રૂા. ૨૨ થાય. જ્યારે રૂા. ૧૪૫ના ભાવે મળે છે તે જોતાં તે ૨૦૧૦ના ના.વ. મુજબ ૧૦ના પીઈથી અને ૨૦૧૧ના ના.વ. મુજબ ૭ના પીઈ થી મળી રહેલ છે. જો ૨૦૧૧નો પી.ઈ. રેશિયો ૮ ગણવામાં આવે તો આ શેરની કિંમત રૂા. ૧૬૫થી ૧૭૫ થાય. આ બધી બાબતો વિચારતાં જણાય છે કે મધ્યમથી લાંબાગાળા માટે અવશ્ય આ શેરમાં રોકાણ કરી શકાય.

## ગોએન્કા ડાયમન્ડ એન્ડ જવેલ્સ લી.

**ઈસ્યૂ ખુલવાની તા. ૨૩ મી માર્ચ ૨૦૧૦ થી ૨૬ મી માર્ચ ૨૦૧૦**

| | |
|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | : ૧૦૦ ટકા બુક બિલ્ડીંગ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | : ૧૦,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | : રૂ. ૧૩૫.૦૦ - ૧૪૫.૦૦ કરોડ |
| **ભરપાઈ થયેલ મૂડીનો હિસ્સો:** | ૩૦.૯૩ ટકા |
| **શેરની મૂળ કિંમત** | : રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | : રૂ. ૧૩૫ થી ૧૪૫ |
| **ઓછામાં ઓછી અરજી** | : ૪૦ શેર (રૂા. ૫૮૦૦) (અપર સાઈડ) |
| **વધારેમાં વધારે અરજી** | : ૬૮૦ શેર (રૂા.૯૮૬૦૦) (અપર સાઈડ) |
| **પ્રમોટર્સ** | : શ્રી નંદલાલ ગોએન્કા,<br>શ્રી નવનીત ગોએન્કા<br>શ્રી નીતિન ગોએન્કા |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | : ૪૦૧, પંચરત્ન, મોતી સીંગભોમીયોકા રાસ્તા, જોહરી બાજાર, જયપુર ૩૦૨૦૦૩<br>ફોન નં. + ૯૧ ૧૪૧ ૨૫૭૪૧૭૫<br>ફેક્સ નં. +૯૧ ૧૪૧ ૨૫૭૩૩૦૫ |

**Email: harshita@goenkadiamonds.com**
**Website: http://http://www.gdjl.co.in**

| | |
|---|---|
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | : કાર્વી કોમ્પ્યુટરશેર્સ પ્રા.લી.<br>કાર્વી હાઉસ, ૪૬, એવન્યુ - ૪, સ્ટ્રીટ નં. ૧, બનજારા હીલ્સ, હૈદરાબાદ : ૫૦૦ ૦૩૪<br>ફોન નં. +૯૧-૪૦-૨૩૩૧૨૪૫૪<br>ફેક્સ નં. +૯૧-૪૦-૨૩૩૧૧૯૬૮ |

**Email: varghese@karvy.com**
**Website: http://karisma.karvy.com**

| | |
|---|---|
| **બુકરનીંગ લીડ મેનેજર** | : **એસ બી આઈ કેપિટલ માર્કેટસ લી.** |
| **લીસ્ટીંગ** | : બીએસઈ, એનએસઈ. |

### શેરની ફાળવણી

| કયુબીઆઈ | નોન ઇન્સ્ટી | છૂટક |
|---|---|---|
| ૫,૦૦૦,૦૦૦ | ૧,૫૦૦,૦૦૦ | ૩,૫૦૦,૦૦૦ |

### પ્રમોટરોનો હિસ્સો

આ ઈસ્યુ દ્વારા પ્રમોટરોનો હિસ્સો ૧૦૦ ટકાથી ઘટીને ૬૯.૦૭ ટકા થશે. નન્દ લાલ ગોએન્કા, નવનીત ગોએન્કા અને નીતિન ગોએન્કા જે આ કંપનીના મુખ્ય પ્રમોટરો છે તેઓ આ ઈસ્યુ દ્વારા તેમનો હિસ્સો જે ૮૦.૦૧ ટકા છે તેમાંથી ૫૫.૨૭ ટકા હિસ્સો ડાયલુટ કરશે.

### આઈપીઓનો હેતુ

તેમની જી વાઈલ્ડ બ્રાન્ડ માટે તેમ જ કેર્સ બ્રાન્ડ માટે સ્ટોર્સ સ્થપિત કરવાના ખર્ચને પહોંચી વળવા માટે, જવેલરી બિઝનેસ માટેની કાર્યકારી મુડીને પહોંચી વળવા માટે, મુંબઈ ખાતે જવેલરી ઉત્પાદન એકમ સ્થાપવા માટે તેમ જ ડાયમન્ડ ના ખર્ચ માટે ફંડ એકત્રિત કરવા માટે, તેમ જ તેમની ગૌણ કંપનીઓમાં અન્ય રોકાણ કરવાના હેતુ સર

# આ શેર ખરીદી ૨૦૧૫ સુધી મૂકી રાખો કંપની મલ્ટીબેગર સાબિત થઈ શકે

## શ્રી ગણેશ જ્વેલરી હાઉસ લી.

૨૦૦૨માં સ્થપાયેલી શ્રી ગણેશ જ્વેલરી હસ્તકારીગરી દ્વારા ઉત્પાદિત આભૂષણોના સૌથી મોટા ઉત્પાદક અને નિકાસકાર છે. આ કંપનીને જેમ્સ અને જવેલરી એક્ષપોર્ટ કાઉન્સિલ (જીજેઈપીસી) દ્વારા આઉટ સ્ટેન્ડિંગ એક્ષપોર્ટના દેખાવ માટે ૨૦૦૮ અને ૨૦૦૯માં એવોર્ડ આપવામાં આવેલ છે.

તેમના ઉત્પાદનોમાં કિંમતી રત્નો સાથેના સોનાના દાગીનાઓનો સમાવેશ થાય છે. તેમજ વીંટી, બંગડી, બ્રેસલેટ, મંગલસૂત્ર, પેન્ડ વગેરે દરેક પ્રકારનાં આભૂષણો નિર્માણ કરે છે. જે દરેક પ્રકારના ગ્રાહકોને દેશમાં અને વિદેશમાં લક્ષાંક બનાવે છે.

આ કંપની યુએઈ, સીંગાપુર, અને હોંગકોંગ જેવા દેશોમાં નિકાસ કરે છે. તેને નિકાસમાં સાતત્યભરી વૃદ્ધિ દર્શાવી છે. ના.વ.૨૦૦૭થી ૨૦૦૯ દરમ્યાન આ કંપનીની નિકાસનો વાર્ષિક વિકાસ ૭૨.૭૧ ટકા જેટલો રહ્યો છે. તેમજ ભારતના નિકાસ બજારરમાં પણ તેનો હિસ્સો ૧.૮૬ ટકાથી વધીને ૬.૧૦ ટકા થયેલ છે.

ના. વ. ૨૦૦૭ થી ૨૦૦૯ અને ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ પૂર્ણ થતા છ માસમાં આ કંપનીએ અનુક્રમે ૮૬.૭૩ ટકા, ૯૪.૧૪ ટકા, ૯૯.૨૩ ટકા અને ૯૪.૮૪ ટકા ઉત્પાદનોની નિકાસ કરેલ છે.

જૂન ૨૦૦૯માં ભારત સરકારની જોઈન્ટ ડાયરેક્ટર ઓફ ફોરેન ટ્રેડ તરફથી આ કંપનીને ફોર સ્ટાર એક્ષપોર્ટ હાઉસ સર્ટીફિકેટ પણ મળેલ છે. તેમજ "નોમીનેટેડ એજન્સી" નું બિરુદ પણ મળેલ છે. કે જે અનુસાર તેઓ વિદેશમાંથી સીધેસીધા પ્રીસીશન મેટલની આયાત કરી શકે છે.

૨૦૦૭-૨૦૦૮ ના.વ. દરમ્યાન બેસ્ટ કેજીએસએસઆઈ માટે આ કંપનીએ ૨૦૧૦માં ઈપીસીઈએસ એક્ષપોર્ટ એવોર્ડ પણ મળેલ છે.

આ કંપની ચાર ઉત્પાદન એકમો ધરાવે છે. જે પશ્ચિમ બંગાળ ખાતેના સેઝમાં આવેલ છે. જે જવેલરી સેઝ છે. તેમજ આશરે ૧૨૩૩૮.૭૧ ચો. વિસ્તાર ધરાવે છે. ના. વ. ૨૦૦૯માં અને ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૯ અંતિત છ માસમાં આ ઉત્પાદન એકમમાં તેઓએ અનુક્રમે ૧૨૮૪૩૨.૬૩ કી. ગ્રામ અને ૫૬૭૮.૯૯ કી.ગ્રામ સોનાના આભૂષણો ઉત્પાદિત કરેલ છે.

આ કંપનીનું ઉત્પાદન એકમ પશ્ચિમ બંગાળ આવેલ છે. ત્યાં સ્કીલ્ડ કારીગરો ખૂબ બહોળા પ્રમાણમાં મલી રહે છે. જે આ કંપનીનાં હસ્તકલાના આભૂષણોના ઉત્પાદન માટે ખૂબ જ સાનુકૂળ છે.

**રોકાણ માટેના કારણો**

(૧) આ કંપનીના પ્રમોટર્સ નિલેશ પારેખ અને ઉમેશ પારેખ આ ક્ષેત્રનો બે દાયકાનો અનુભવ ધરાવે છે.

(૨) સૌથી મોટા ઉત્પાદક, નિકાસકાર અને વ્યાપક શ્રૃંખલાલમાં ઉપલબ્ધ આભૂષણો ગ્રાહકવૃંદમાં આ કંપનીને વધુ વ્યાપક બનાવે છે.

(૩) આ કંપનીએ મીડલ ઈસ્ટમાંથી તેની ના.વ. ૨૦૦૯ની આવકમાં ૪૮ ટકા હિસ્સો મેળવેલ હતો. અને આ કારણોસર કંપનીએ ૮૯ ટકા સીએજીઆર મુજબ આવકો સાધ્ય કરેલ છે.

(૪) તેના બધાજ ઉત્પાદન એકમો મણીકંચન સેજ ખાતે આવેલ છે. જે કારે આ કંપનીને સીધા અને પરોક્ષ કરવેરામાં તેમજ કસ્ટમ ક્લિયરન્સમાં રાહતો રાખવા પણ થાય છે. તેમજ ઉપર જણાવ્યું તેમ ઓછી મજૂરીએ ઉચ્ચતમ કૂનેહ ધરાવતા કારીગરો મળી રહે છે જે આ કંપનીનાં ઉત્પાદનોની ગુણવત્તામાં ચાર ચાંદ લગાવે છે.

હાલમાં આ કંપની રૂા. ૨૬૦ થી ૨૭૦ના પ્રાઈઝબેન્ડથી શેર અંદર કરી રહેલ છે. આ શેર લઈને ૨૦૧૫ સુધી મુકી રાખો કંપની મલ્ટીબેગર સાબિત થઈ શકે.

# પ્રાઈમરી માર્કેટની ખાટી મીઠી

## કોલ ઈન્ડિયા ઓગષ્ટમાસમાં આઈપીઓ બજારમાં પ્રવેશ કરશે

કોલ ઈન્ડિયાના એક પ્રવકતાના જણાવ્યા મુજબ, સરકારશ્રી કોલ ઈન્ડિયાનો ૧૦ ટકા હિસ્સો ઓગષ્યમાસમાં ડીવેસ્ટ કરવા માટે મૂડી બજારમોં આયોજન કરી રહેલ છે. આ કંપની આ અનુસંધાને તા. ૧૫ જુન સુધીમાં સેબી સમક્ષ ડ્રાફ્ટ રેડ હેરીંગ પ્રોસ્પેકટસ રજૂ કરવા ધારે છે તેમ આ કંપનીના ચેરમેન શ્રી પાર્થ એસ. ભટ્ટાચાર્યએ તેમના સંબોધનમાં જણાવેલ હતું.

શ્રી ભટ્ટાચાર્યના જણાવયગા મુજબ આ આઈપીઓ દ્વારા આ કંપની લગભગ ૬૩ કરોડ ઈક્વિટી ઓફર કરી મૂડી બજારમાં પ્રવેશ કરશે જેમાંથી એક ટકો એટલે કે ૬.૩ ટકા શેર આ કંપનીના લાયકાત ધરાવતા કર્મચારીઓ માટે અનામત રાખવામાં આવશે.

## પરસીસ્ટ સિસ્ટમ્સના આઈપીઓને મળેલ સૌથી વધુ પ્રતિસાદ છેલ્લા ૨૬ માસમાં આ એક માત્ર ઈસ્યુ ૯૩.૬ ગણો ભરાયો

પુના સ્થિત સોફટવેર કંપની પરસીસ્ટન્ટ સિસ્ટમ તા. ૧૭ માર્ચથી તા. ૧૯ માર્ચ સુધી મુડી બજારમાં પ્રવેશેલ હતી. આ કંપનીને છેલ્લા લગભગ સવાબે વર્ષમાં આવેલ ઈસ્યુમાં સૌથી વધુ પ્રતિસાદ મળેલ છે અને આ ઈસ્યુ એન એસ ઈ વેબસાઈટના જણાવ્યા મુજબ તેમ જ તેમના દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ વિગતો મુજબ ૯૩.૬ ગણો ભરાઈ ગયેલ છે.

જો કે આ અગાઉ તા. ૧૧ થી ૧૬ જાન્યુઆરી ૧૯૯૮ દરમ્યાન આવેલ ફયુચર કેપિટલ હોલ્ડીંગનો ઈસ્યુ ૧૩૩ ગણો ભરાયેલ હતો તે નોંધનીય છે.

આ કંપની દ્વારા કુલ ૫૪,૧૯,૭૦૬ઈક્વીટી શેર ઓફર કરવામાં આવેલ તે સામે આ કંપનીને ૫૦.૭૩ કરોડ શેર માટે બીડ મળેલ છે જેમાં કયુબીઆઈ તરફથી સૌથી વધુ પ્રતિસાદ એટલે કે ૧૪૪.૪૩ ગણો આ ઈસ્યુ ભરાયેલ છે જયારે બિન સંસ્થાકીય રોકાણકારો તરફથી આ ઈસ્યુ ૧૯૭.૩૩ ગણો અને છૂટક રોકાણકારો તરફથી પણ ૨૧.૭ ગણો ભરાયેલ છે. આ કંપનીના ઈસ્યુને જે પ્રતિસાદ મળેલ છે તે જોતા એવું અનુમાન કરવામાં આવી રહેલ છે કે લીસ્ટીંગ વખતે પણ આ કંપનીના ભાવમાં સારી એવી વૃધ્ધિ જોવા મળશે.

શેર બજારની રોજની અપડેટેડ વિગતો માટે વેબસાઈટ www. theeconomicrevolution.com જોતા રહો

# નિફ્ટી મોટા રેસીસ્ટન્સ લેવલ તરફ આગળ વધી રહી છે, સાવચેતી રાખો

મિત્રો જય જલારામ,

નવરાત્રીનાં પર્વમાં કાળજાળ ગરમી વચ્ચે આપણું સેન્સેક્સ છેલ્લાં સપ્તાહ દરમ્યાન મજબૂત રહ્યું.

સેન્સેક્સ સપ્તાહ દરમ્યાન ૪૧૧ પોઈન્ટ અને નિફ્ટી ૧૨૫ પોઈન્ટ વધીને બંધ રહ્યો. આ વધારો વિદેશી ફંડોની સતત લેવાલી થકી જોવા મળ્યો. દેશી ફંડો પોતાની એનએવી વધારવા સતત શેરો ઠાલવી રહ્યા છે. છતાં એ બધો માલ બજારે પચાવી લીધો એ સારી નિશાની છે. આવનારા સપ્તાહમાં માર્ચ મહિનાની ફ્યુચર અને ઓપ્શન સેક્ટરમાં એકસપાયરી આવે છે. મોંઘવારીને નાથવા રિઝર્વબેંકના રિવર્સ રેપો રેટ અને રિવર્સ રેપો રેટમાં ૦.૨૫ બેસીસ પોઈન્ટનાં વધારા ઉપરાંત ૨૦મીની મિટિંગમાં સીઆરઆરમાં ૨૫ પોઈન્ટનો વધારો શક્ય છે. જો કે રેપો તથા રિવર્સ રેપો રેટનો વધારો અપેક્ષિત હતો.બજાર આ મુદ્દાને ડિસ્કાઉન્ટ કરી ચૂકી છે. પરંતુ સીઆરઆરમાં વધારાંના પ્રત્યાઘાતો થોડા નકારાત્મક આવવાની શક્યતા છે. ફુગાવાને નાથવો હવે જરુરી થઈ ગયો છે અને વિકાસદરનાં મુદ્દા કરતા ફુગાવાનો મુદ્દો વધારે અગત્યનો બની રહ્યો છે.

જો કે નિફ્ટીનો પ્રથમ સેન્ટીમેન્ટલ રેસીસ્ટન્સ ૫૩૨૭નો હશે. એ ઉપર બંધ આવ્યા બાદ જ આગળના લેવલની વાત કરી શકાય. તમે બજારનો ઝીણવટભર્યો અભ્યાસ કરશો તો જણાશે કે સેન્સેક્સમાં ૪૧૧ પોઈન્ટનો વધારો થયો હોવા છતાં બજાર મોટે ભાગે સ્ટોક સ્પેસિફીક રહ્યું છે અને મોટાભાગનાં શેર બે દિવસ ઉપર તો એક દિવસ નીચે રહ્યા છે. આ પ્રકારની બજારમાં મોટાભાગનાં ડેલી ટ્રેડર્સનાં હથમાં કંઈ આવતું નથી. અમારી દ્રષ્ટિએ દૈનિક ટ્રેડરોને ટ્રેપ કરવાની પ્રવૃત્તિ

## કલમ કોટકની



**શરદ કોટક**
**મો. ૯૮૨૫૦૬૮૨૧૧**
Skotak@KI-TRADE.com
WWW. KI-TRADE.COM

વધારે થઈ રહી છે. જેમની પાસે જથ્થામાં શેર ખરીદવાની કે જથ્થામાં વેચવાની શક્તિ છે તે નાના લોકોને લૂંટી રહ્યા છે. ટી.વી. ઉપર આવતા એનાલિસ્ટોની ખરીદો અને વેચો જેવી ટીપ પાછળ મોટાભાગે દોરી સંચાર થતો હોય તેવું લાગી રહ્યું છે. મોટાભાગે "ખરીદો"ની આવતી ટીપ પુરા ત્રણ દિવસ પણ ટકતી નથી. જાણભેદુઓ એ અગાઉથી પોઝીશનો બનાવી લીધી હોય અને ટીપ આવ્યા બાદ ઉછાળે હળવા થવાની વૃત્તિ દેખાઈ હી છે. આપણાં દેશમાં નૈતિકતા લગભગ મરી પરવારી છે. દરેક ક્ષેત્રે લોકોનાં મોટા નુકસાન થકી પોતાનો નાનો લાભ મેળવવા નૈતિકતાનાં સાધનો નેવે મુકાય છે.

અમે સ્પષ્ટ રીતે જણાવીએ છીએ કે બજારમાં જ્યારે ખાસ મોટી વધઘટ ન હોય ત્યારે કોઈ ટેકનીકલ કે ફંડામેન્ટલ્સ કામ નથી આવતા અને જ્યારે વોલ્યુમ ઓછું હોય ત્યારે મોટા ગજાનાં લોકો ધાર્યું કરી શકતા હોય છે. ટોપ ટેન શેરની છેલ્લા સપ્તાહની મુવમેન્ટ જોઈ જજો. ઓપન, હાઈ, લો અને કલોઝ તથા એવરેજ. તમારી પાસે એવરેજ કદાચ નહીં હોય પણ બાકીનું બધું મળી જશે. આ પ્રવૃત્તિ ઉઘાડી લૂંટ સમાન છે. અમે શેર બજારમાં રહીએ છીએ એટલે થોડો અંદાજ હોય એ સ્વાભાવિક છે. હજી પણ સામાન્ય રોકાણકાર બજારમાં આક્રમક રીતે સક્રિય નથી તે જણાઈ આવે છે. ફંડોની લે વેચ મુખ્ય બાબત છે. તથા ટૂંકાગાળાનાં ટ્રેડર્સ વધુ જોખમે ઓછા નફાની પ્રવૃત્તિમાં ગળાડૂબ છે.

ગયા સપ્તાહે નિફ્ટી ૫૧૦૧નું બોટમ બનાવી આવી તો એના આગલા સપ્તાહે ૫૦૯૨-૫૦૯૪ આસપાસ ત્રણ વખત જઈ આવી. પરંતુ વિતેલા સપ્તાહમાં હાયર ટોપ અને હાયર બોટમની પેટર્ન બની જે બજારમાં મજબૂતાઈ દેખાડે છે. આ પ્રકારની બજારમાં ઘણાં બધાં સ્ટોકની ટીપ પાછળ ફાંફાં મારવાને બદલે પોતાની પસંદગીના ખાસ સ્ટોકમાં ટ્રેડીંગ કરવું જોઈએ અને ઓછું એકસપોઝર રાખવું જોઈએ. ઉપરાંત માર્કેટનાં ટ્રેન્ડ પ્રમાણે શોર્ટ અથવા લોંગ નો નિર્ણય લેવાને બદલે સ્ટોક સ્પેશિફીક એપ્રોચ રાખવો જોઈએ.

માર્કેટમાં એવી ખાસ મુવમેન્ટ નથી કે બધાં જ સ્ટોક ઉપર જાય કે બધાં જ સ્ટોક નીચે જાય. દરેક સ્ટોક પોતાનાં દાયરામાં ઉપર નીચે થતાં રહે છે. દાખલા તરીકે એક સ્ટોકની સમીક્ષા કરીએ તો એક્ષિસ બેંક. અમે છેલ્લાં થોડા દિવસની આ સ્ટોકની ચાલ ટેબલમાં આપી છે તે તપાસી જાવ.

### Axis Bank

| Date | Open | High | Low | Close | Sensex |
|---|---|---|---|---|---|
| 8/3/2010 | 1144 | 1144 | 1107 | 1129 | +108 |
| 9/3/2010 | 1045 | 1133 | 1045 | 1117 | -51 |
| 10/3/2010 | 1117 | 1135 | 1117 | 1131 | +46 |
| 11/3/2010 | 1127 | 1154 | 1127 | 1151 | +70 |
| 12/3/2010 | 1151 | 1162 | 1141 | 1151 | -134 |
| 15/3/2010 | 1128 | 1154 | 1128 | 1142 | -163 |
| 16/3/2010 | 1139 | 1149 | 1132 | 1145 | +218 |
| 17/3/2010 | 1155 | 1157 | 1139 | 1149 | +107 |
| 18/3/2010 | 1145 | 1172 | 1144 | 1164 | +29 |
| 19/3/2010 | 1172 | 1172 | 1151 | 1156 | +59 |

### STOCK INDICES : WEEKLY MOVEMENT

| | 12- 03 -2010 | 19 - 03 -2010 | + - |
|---|---|---|---|
| Sensex | 17166.62 | 17578.23 | + 411.61 |
| Nifty | 5137.00 | 5262.80 | + 125.80 |

**નોંધ :** આ શેરની ચાલ સમજવાનો પ્રયત્ન કરીએ.

૧. ૮મી માર્ચે સેન્સેક્સ ૧૦૮ પોઈન્ટ વધ્યો પરંતુ આ શેર ખૂલ્યો તેજ ટોપ રહ્યો અને સરવાળે નીચો બંધ રહયો. તમને લાગે તે કે બજાર મજબૂત છે તો માલ લઈને ધંધો કરીએ તો તમે સપડાઈ જાવ.

૨. બીજા જ દિવસે જે ભાવે ખૂલ્યો તે જ ભાવ બોટમનો ભાવ હ્યો. લગભગ શેર ૯૦ રૂપિયા ઉપર ગયો અને ૭૨ રૂપિયા વધીને બંધ રહ્યો. બજાર નરમ બહતી. તમે બજારની રુખ પ્રમાણે ચાલ્યા હોય તો નુકસાન ચોક્કસથી થાત.

**સપ્તાહ દરમ્યાન સ્ટોક સ્પેશિફીક એપ્રોચ રાખો**

૩. ૧૧-૩ થી ૧૯-૩ સુધીનું બંધ જૂઓ. ૧૧૪૨ થી ૧૧૫૬ વચ્ચે જ ફર્યા કર્યો. જેની પાસે જથ્થો હતો તેમણે ક્યારેક વેચીને બધાને નુકસાનમાં ઉતાર્યા તો તે જ શેર બીજા દિવસે કે ઈન્ટ્રા ડે પાછા લઈને પોતે નફો કર્યો પરંતુ મોટા ભાગના ટ્રેડરો સરવાળે નુકસાનીમાં ગયા. તમે સપ્તાહ દરમ્યાન કોઈ "એ" ગ્રુપના શેરમાં (રિયાલન્સ સિવાય) નુકસાન કર્યું હોય તો આ પ્રમાણેનો કોઠો બનાવી શેરની ચાલ સમજવાનો પ્રયત્ન કરો. ફક્ત પાંચ શેર કાયમી ટ્રેડીંગ માટે રાખો. અને ટેકનીકલ તથા ન્યૂઝ બેસ્ડ એક બે શેરને તમારા રડાર ઉપર મુકો. ટી.વી. ઉપર આવતી ટીપો થી દૂર રહો. અથવા તેનો અભ્યાસ કરશો તો જણાશે કે મોટાભાગે આવા શેરમાં એક બે દિવસથી વધારે મુવમેન્ટ રહેતી નથી. આખું ગામ ભેરવાય અને જાણભેદુઓ નિકળી જાય તેવી પ્રવૃત્તિ વધારે જોવા મળે છે.

૪. શેર બજાર મોટાભાગે મૂર્ખતાભર્યા કારણો થકી ટૂંકાગાળા માટે વધઘટ દેખાડે છે પરંતુ લાંબાગાળા માટે તો જે તે દેશનું અર્થતંત્ર અને જે તેકંપનીનાં ફંડામેન્ટલ ઉપર જ શેરની દિશા નક્કી થતી હોય છે. ઓબામાને છીંક આવે તો અમેરિકાનાં બજારોને અસર થાય કે ન થાય આપણી બજારોને ચોક્કસથી અસર થાય. એશિયા નીચે ખૂલ્યું કે યુરોપ ઉપર ખૂલ્યું તે બાબતોને આપણી બજારો સાથે શું લેવા દેવા ? પરંતુ બજાર આવી બાબતોને રિએક્ટ કરે છે. તમારે પણ શેર બજારમાં કમાવું હોય તો ટૂંકાગાળા માટે ક્યારેક મૂર્ખ બની જવું પડે છે. તમારા પાડોશીને ત્યાં નવું ટી.વી. આવે કે નવા બાળકનું આગમન થાય. તમારે તેને સેલીબ્રેટ કરતા શિખવું પડે છે. પછી ભલે તમને કાંઈપણ લેવા દેવા ન હોય. તે જ રીતે યુરોપ કે એશિયા ઉપર ખૂલે તો તમારે તે પ્રમાણે વર્તવું પડે છે. ખાય યુરોપ કે અમેરિકાનાં લોકો પરંતુ તમારે ઓડકાર ખાવો પડે છે.

**બેંકિગ અને ઓટો શેરોમાં પ્રોફીટ બુકિંગની શક્યતા**

૫. એપ્રિલ મહિનાથી કંપનીઓના પરિણામો આવવા શરુ થશે. તે સારાં હોવાની આશા છે. અતિ સારાં હોવા તે અલગ બાબત છે. પરંતુ ગ્રોસ પ્રોફીટ માર્જીન અને નેટ પ્રોફીટ માર્જીન ૫ ટકા આસપાસ વધે તો શું થાય ? આખા માર્ચ મહિનામાં લોકલ ફંડોએ જે માલ વેચ્યો છે તે ફંડો હવે લેવાલ રહેશે.

**એપ્રિલ મહિનામાં વાર્ષિક પરિણામો બાદ જ માર્કેટની ખરી ચાલ નક્કી થશે માટે ઉછાળે નફો તારવીને હળવા થવાનું વલણ રાખો**

આમ પણ તેમણે "ફ્યુચર" માં પોઝીશનો બનાવી રાખી જ છે. તે જ્યારે લેશે ત્યરે વિદેશી ફંડોની ચાલ તપાસવી રહી. તેઓ મોટાભાગે ઈક્વિટીમાં નફો બુક કરશે અને ફયુચરમાં પોઝીશનો બનાવી હેજીંગ કરશે. આ કારણે ઓવર ઓલ બજારનો અંડર ટોન મજબૂત રહેશે. પરંતુ સ્ટોક સ્પેશિફીક મુવમેન્ટ આવતા સપ્તાહે રિવર્સ અને રિવર્સ રેપો રેટનાં વધારાને માર્કેટ કઈ રીતે લે છે તે જોવું પડશે. સોમવાર માટે જણાવીએ તો નિફ્ટીમાં ૫૨૭૭-૫૨૮૭નું રેસીસ્ટન્સ લેવલ ધ્યાનમાં જોવું પડશે. એ પાર ન થાય તો ૫૨૩૭-૫૨૨૧ ની શક્યતા ચોક્કસથી છે. ૫૩૨૭નું લેવલ મોટું હર્ડલ બની રહેવાની શક્યતા છે. એ પાર થયા બાદ જ લાવ લાવ થઈ શકે. માર્ચ એક્સપાયરી હોતાં સ્ટોક સ્પેશિફીક ચાલ મહદ્અંશે રહેશે.

**સોમવાર માટે જણાવીએ તો નિફ્ટીમાં ૫૨૭૭-૫૨૮૭નું રેસીસ્ટન્સ લેવલ ધ્યાનમાં જોવું પડશે. એ પાર ન થાય તો ૫૨૩૭-૫૨૨૧ ની શક્યતા ચોક્કસથી છે.**

### સાપ્તાહિક નિફ્ટીનો અંદાજ

**NIFTY CLOSE : 5268.80**

| | | |
|---|---|---|
| સાપ્તાહિક રેસીસ્ટન્સ | : | ૫૩૬૭-૫૪૨૭ |
| સાપ્તાહિક સપોર્ટ | : | ૫૧૫૭-૫૦૯૫ |

## તા. ૨૨ થી ૨૬ માર્ચ ૨૦૧૦ નાં ટ્રેડીંગ લેવલ્સ



Madhav Ranade
(M) 09371002943 or
email:
sumamura@dataone.in

અપેક્ષા મુજબ એડવાન્સ ટેક્ષના આંકડા બહાર પડયા પછી બજારે ૫૩૦૦ તરફ પોતાની સફર આદરી. પરંતુ આર બી આઈ દ્વારા શુક્રવારે, સાંજે રેપો અને રિવર્સ રેપો રેટમાં ૦.૨૫ ટકાની વૃધ્ધી જાહેર થઈ. મને એ વાતનો આનંદ થયો કે આ વખતે તેઓ છેલ્લી ઘડીએ ખૂબ જ ગુપ્ત રીતે આ નિર્ણય લઈ શકયા અને બજારને આ વિષે કોઈ ગંધ પણ આવી નહીં.

બેંકો, રિઅલ એસ્ટેટ, ઓટો શેર તેના પ્રત્યાઘાત ખરાબ આપી શકે અને ૫ ટકા જેટલી નીમ્ન ગતિ દર્શાવી શકે. એકંદરે આવનાર સત્પાહ રસપ્રદ રહેનાર છે અને મેં નીચે આપેલ લેવલ્સ તમને ટ્રેડીંગમાં સારી એવી મદદ કરશે.

ચાલો આપણે જોઈએ કે આવનાર સપ્તાહ કેવું નિવડશે. નીચે આપેલ સપાટીએ તમને કેટલિક મદદ પણ કરી શકશે.

હું કેટલાક ઈન્ડેક્ષની સાપ્તાહિક સપાટીઓ આપી રહેલ છું, તમને આ દર સપ્તાહે મળશે, હા, બીએસઈ ઈન્ડેક્ષ સાથે જ...કેટલાક વાચકો એવા પણ છે કે જેઓ સમજી શહકતા નથી કે આ ઈન્ડેક્ષના લેવલનો ઉપયોગ કેવી રીતે કરવો. સામાન્ય રીતે તમારે જોવાનું હોય છે કે આ કોઈ ખાસ ઈન્ડેક્ષ લોંગ ઝોનમાં છે કે પછી શોર્ટ ઝોનમાં. આ છી તમે આ સેકટરમાં ટોપના ૨ થી ૩ શેરોમાં કોરસ્પોન્ડીંગ પોઝીશન લો છે જો તમે હેલ્થ કેર પર નજર કરશો અને જો તે લોંગ દર્શાવેતો તમે સીપલા, રેનબક્ષી, ડો. રેડ્ડીવગેરેમાં લોંગ થઈ શકો છ.

**તમે મને યાહુ મેસેન્જરમાં** madhavranade1@yahoo.com **માં એડ પણ કરી શકો છો અને ઉપર જણાવેલ સરનામે ફોન અથવા તો ઈ મેઈલ પણ કરી શકો છો.**

| posn trading lvls | | date | 22nd / 26th march 2010 | |
|---|---|---|---|---|
| stock / index | go | entry | targets | stoploss |
| BSE SENSEX | short | 17440 | 17220/17000/16780/16560 | 17660 |
| | long | 17660 | 17880/18110 | 17440 |
| BSE auto index | short | 7390 | x | 7450 |
| | long | 7450 | x | 7390 |
| BSE bank index | short | 10250 | x | 10350 |
| | long | 10350 | x | 10250 |
| BSE capital goods | short | 13860 | x | 13975 |
| | long | 13975 | x | 13860 |
| BSE FMCG index | short | 2777 | x | 2801 |
| | long | 2801 | x | 2777 |
| BSE health index | short | 5095 | x | 5140 |
| | long | 5180 | x | 5140 |
| BSE metal index | short | 17670 | x | 17890 |
| | long | 17890 | x | 17670 |
| BSE oil & gas INDEX | short | 9983 | x | 10068 |
| | long | 10152 | x | 10068 |
| BSE PSU index | short | 9048 | x | 9097 |
| | long | 9097 | x | 9048 |
| BSE realty index | short | 3295 | x | 3323 |
| | long | 3323 | x | 3295 |

## સાપ્તાહિક ટ્રેડીંગ આઈડીયા

**(૧) એ બીરલા નુવો**
**બંધ ભાવ : ૯૭૮**

આવતા સપ્તાહમં ૯૭૦ ઉપર ટકે ત્યાં સુધી ૯૯૩-૧૦૦૫ આવવાની શક્યતા. ૧૦૦૯ ઉપર બંધ આવતાં ૧૦૩૭ સુધી જઈ શકે. ૧૦૦૫ ઉપર ન ટકે તો નીચેની મુવમેન્ટ શરુ થાય અને ૯૪૭ નો પ્રથમ અને ૯૨૭ નો બીજો ભાવ જોવા મળે.

**(૨) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા**
**બંધ ભાવ : ૨૦૫૮**

૨૦૪૦ ઉપર ટકે ત્યાં સુધી ઉપર તરફની મુવમેન્ટ ટકી રહે અને ૨૦૮૩-૨૧૦૦ નો ભાવ આવી શકે. ૨૦૪૦ તોડતાં શેર ખરાબામાં સપડાય. અને ૨૦૧૭નો પ્રથમ ભાવ તથા ૨૦૦૦ તોડતાં ૧૯૭૭ નો ભાવ જોવા મળે.

**(૩) રિલાયન્સ**
**બંધ ભાવ : ૧૦૯૨**

૧૦૬૭ થી તેજીમાં પડેલો શેર ૧૧૨૧નો પ્રથમ અને ૧૧૪૪ નો બીજો રેસીસ્ટન્સ ધ્યાનમાં રાખો. ૧૦૬૭ તોડતાં ૧૦૩૭ તૂરત વારમાં આવી જાય. અને વધઘટે ૯૮૭ નો ભાવ જોવા મળે.

**ANDREW YULE માં આવનારા દિવસોમાં સળવળાટ જોવા મળે. વર્તમાન ભાવે આ શેરને ધ્યાનમાં રાખો. ૪૬નો સ્ટોપલોસ રાખી લેણ કરી શકાય.**

**(૪) ટાટા મોટર્સ**
**બંધ ભાવ : ૭૮૩**

૭૭૭ ન તોડે ત્યાં સુધી મજબૂત રહે. ૮૦૦-૮૧૧ નું લેવલ એક વાર દેખાડી દે. પરંતુ ૭૭૭ તોડતાં ઝડપી ગતિથી ૭૫૭નું લેવલ આવે અને વધઘટે ૭૩૭ નો ભાવ દેખાડો.

**(૫) સેસા ગોવા**
**બંધ ભાવ : ૪૫૨**

શુક્રવારે ૪૪૪ પાર કરી તેજી તરફી થયો છે.ત ૪૪૪ ન તોડે ત્યાં સુધી ૪૬૨નો પ્રથમ અને ૪૭૦નો બીજો ભાવ આવે અને વધઘટે ૪૨૧ દેખાડે.

**(૬) ડીએલએફ**
**બંધ ભાવ : ૩૧૨**

૩૧૦ની નીચે નબળાઈ દેખાય અને ૩૦૬નો પ્રથમ અને ૨૯૮નો બીજો ભાવ સપ્તાહમાં આવી જાય. પરંતુ ૩૦૫ ના ટેકાંના ભાવથી પાછો ફરે તો ૩૨૦-૩૨૭ની રેન્જમં ઉપરનાં ભાવ દર્શાવી શકે. ૩૧૩ નીચે ખરાબ તે ધ્યાનમાં રાખો.

**(૭) એચડીએફસી**
**બંધ ભાવ : ૨૬૫૪**

૨૭૦૨ તોડતાં નબળાઈ દેખાડી રહ્યું છે. આવનારા દિવસોમાં ૨૭૦૨ ઉપર બંધ ન આવે તો ૨૬૪૭નો પ્રથમ અને ૨૬૧૧નો બીજો ભાવ આવે.

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatitya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380013. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387